RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 47* Date: 06.12.2022,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## બીજા તબક્કામાં ૯૩ બેઠકો માટે શાંતિપૂર્ણ મતદાન સંપન્ન

# સરેરાશ ૫૬ ટકા મતદાન થયું,શહેરી વિસ્તારમાં ઓછું મતદાન

ગાંધીનગર,તા.૫

ગુજરાત વિધાનસભાની ૯૩ બેઠકો પર આજે બીજા તબક્કાનું મતદાન કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સંપન્ન થયું હતું ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર ૮૩૩ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા હતાં જેમાં ૭૬૪ પૂરૂષ અને ૬૯ મહિલા ઉમેદવારો સમાવેશ થાય છે જેમનું ભાવિ મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કર્યું હતું. મતદાન માટે ૨૬ હજાર ૪૦૯ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતાં જેમાં ૮ હજાર ૫૩૩ શહેરી મતદાન મથકો અને ૧૭ હજાર ૮૭૬ ગ્રામ્ય વિસ્તારમા મતદાન મથકો બનાવવામાં આવ્યા હતાં બીજા તબક્કામા ૩૬ હજાર ૪૩૯ બેલેટ યુનિટનો ઉપયોગ થયો હતો અને ૩૬ હજાર ૪૩૯ કંટ્રોલ યુનિટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ભાજપના ૨૦ નેતાનું ભાવી મતદારોએ નક્કી કર્યું છે કોંગ્રેસના ૧૨ દિગ્ગજ નેતાઓ મેદાનમાં હતાં

મતદાન સવારે શરૂ થયું હતું જો કે ઠંડી હોવાને કારણે મતદાન ધીમુ રહ્યું હતું જો કે બપોરે મતદાનમાં વેગ આવ્યો હતો અને મતદાનની ટકાવારી વધી હતી ૯૩ બેઠકો પર સરેરાશ ૫૬ ટકા જેટલું મતદાન રહ્યું હતું.ગ્રામિણ વિસ્તારોમાં મતદાન વધુ હતું જયારે શહેરી વિસ્તારોમાં મતદાન ઓછું રહેવા પામ્યુ હતું.આ મતદાન ગયા વર્ષ કરતા ઓછું રહેતા રાજકીય પક્ષોના નેતાઓ અને ઉમેદવારોની ઉધ હરામ થઇ જશે તે નક્કી છે જો કે ચુંટણી પરિણામ ૮મી ડિસેમ્બરના રોજ આવશે

બીજા તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી અને રાજયપાલ આનંદીબેન પટેલ, કેન્દ્રીય મંત્રી અમિત શાહે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરે અમદાવાદમાં મતદાન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હિરાબાએ પણ મતદાન કર્યું હતું. આ ઉપરાંત અનેક વૃધ્ધ મતદારોએ મતદાન કર્યું હતું. પ્રથમ વખત મતદાન કરતા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો કેટલાક સ્થળોએ મતદાન શરૂ થાય તે પહેલા મતદાન મથકો પર લાઈનો જોવા મળી રહી હતી.ક્રિકેટર બંધુઓ ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણે સહપરિવાર સાથે મતદાન કર્યું. ઈરફાન અને યુસુફ પઠાણે કહ્યું કે કઈ પણ હોય પણ અમે પરિવાર સાથે મતદાન કરવા માટે અવશ્ય આવીએ છીએ આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી પદના ચહેરા ઈસુદાન ગઢવીએ અમદાવાદના બોપલના ઘૂમા વિસ્તારમાં મતદાન કર્યું. તેમણે મતદાન બાદ મોટો દાવો કર્યો. ઈસુદાન ગઢવીએ કહ્યું કે પાર્ટીને બીજા તબક્કામાં ઓછામાં ઓછી ૫૨ બેઠક મળશે. જો કે પહેલા તબક્કાના મતદાનમાં પણ પાર્ટીને ૫૧ બેઠકો મળવાનો દાવો ઈસુદાન ગઢવીએ કર્યો.વડોદરાની સયાજીગંજ બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર સ્વેજલ વ્યાસ વિવાદમાં સપડાયા છે. તેમણએ પોતાના વોટ્સએપ સ્ટેટસમાં ઈવીએમમાં મતદાન કરતો વીડિયો મુકતા વિવાદ થયો છે.આણંદમાં મતદાનનું મૂલ્ય સમજાવવાનો અનોખો કિસ્સો સામે આવ્યો છે. વયોવૃદ્ધ પથારીવશ વૃદ્ધાએ મતદાનમાં ઉત્સાહ દાખવી મિસાલ કાયમ કરી. એમ્બ્યુલન્સમાં મહિલા મતદાર મતદાન મથક પહોંચ્યા. બીમાર અને પથારીવશ હોવા છતાં મતદાન મથક પહોંચી મતદાન કર્યું હતું વડોદરામાં સરસ્વતી સ્કૂલમાં મતદારોએ હોબાળો મચાવ્યો. મતદારો એક કલાકથી લાઈનમાં ઊભા રહ્યા હોવા છતાં તેમનો નંબર આવતો નથી એવો તેમનો આક્ષેપ હતો. ત્રણ મહિલા અને એક પુરુષને મતદાન કરવા માટે જવા દેવામાં આવતા હોવાથી પુરુષ મતદારો રોષે ભરાયા હતાં.

બીજા તબક્કાના મતદાન દરમિયાન અનેક જગ્યાએ ઈવીએમ મશીન ખરાબ થઈ ગયા હતાં જેને કારણે મતદાનમાં અવરોધ ઉભો થયો હતો.જો કે બાદમાં ઈવીએમ મશીન બદલ્યા બાદ મતદાન ફરી શરૂ કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના ગઢમાં મતદાન ધીમુ કરાવવામાં આવ્યું છે ચુંટણી પંચના અધિકારીઓએ ભાજપના એજન્ટ તરીકે કામ કર્યું છે. તેમણે આરોપ લગાવતા કહ્યું હતું કે મતદાનના દિવસે પણ વડાપ્રધાન ચુંટણી પ્રચાર કરી રહ્યાં છે. તેઓએ રાણીપ વિસ્તારમાં મતદાન કર્યા બાદ રોડ શો આયોજીત કર્યો છે અમે આ અંગેની ફરિયાદ



ચુંટણી પંચમાં કરવાના છીએ કલોલ ૩૮-વિધાનસભા બેઠકમાં સંત અન્ના સ્કૂલના વોટિંગ બૂથની બહાર ગેરરીતિ થતી હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ ઉમેદવાર બળદેવજી ઠાકોર ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જયાં ચોક્કસ પક્ષના લોકો સાથે ગાળાગાળી બાદ મામલો ઝપાઝપી સુધી પહોંચી ગયો હતો, જેથી પોલીસે તાત્કાલિક સ્થળે પહોંચી સમગ્ર મામલો શાંત પાડ્યો હતો.

ઊંઝા વિધાનસભામાં આવતા કરલી ગામે બૂથ નજીક ભાજપના સ્ટિકરવાળી ઈનોવા ગાડી આવતાં આમ આદમી પાર્ટી અને ભાજપના ઉમેદવારો-કાર્યકરો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે પોલીસે આવીને મામલો શાંત પાડ્યો હતો. તો બેચરાજીના બરીયફ ગામે પોતાની પડતર માગણી પૂરી ન થતાં ચૂંટણી બહિષ્કાર કર્યો હતો.

## ભારત ૨૧મી સદીમાં વિશ્વ વ્યવસ્થાને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે : જર્મનીના વિદેશ મંત્રી

### અમે આર્થિક, આબોહવા ક્ષેત્ર અને સુરક્ષામાં વ્યૂહાત્મક જોડાણના સ્તરથી આગળ લઈ જવા માંગીએ છીએ.

નવીદિલ્હી,તા.૫

વિદેશ મંત્રી એસ જયશંકર અને જર્મનીના વિદેશ મંત્રી અનાલેના બિઅરબોકે સોમવારે ઉર્જા, વેપાર અને આબોહવા પરિવર્તન સહિત દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા પર વિગતવાર ચર્ચા કરી હતી. બેઅરબોક સોમવારે બે દિવસની મુલાકાતે ભારત આવ્યા હતા. તેમની મુલાકાત એવા સમયે આવી છે જ્યારે ભારતે માત્ર ચાર દિવસ પહેલા જ ૪૨૦ જૂથની ઔપચારિક અધ્યક્ષતા સંભાળી છે.જર્મનીના વિદેશ મંત્રી બિઅરબોકે તેમના નિવેદનમાં ભારતને જર્મનીનો કુદરતી ભાગીદાર ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે ભારત ૨૧મી સદીમાં વિશ્વ વ્યવસ્થાને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે, ખાસ



કરીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં, અને ભારતની યાત્રા એ વિશ્વના છઠ્ઠા ભાગની મુસાફરી કરવા સમાન છે.

તેમણે કહ્યું, "ભારત સરકારે માત્ર ૪૨૦માં પોતાના માટે મહત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું નથી, પરંતુ આપણા દેશ માટે પણ એક લક્ષ્ય નક્કી કર્યું છે. જયારે રિન્યુએબલ એનર્જીના વિસ્તરણની વાત આવે છે ત્યારે ભારત ઊર્જા સંક્રમણમાં પહેલા કરતાં વધુ આગળ જવા માંગે છે અને જર્મની આમાં ભારતની પડખે છે.

બિઅરબોકે કહ્યું કે અમે બધા ક્લાઈમેટ કટોકટીની અસરથી પ્રભાવિત છીએ, યુરોપ અને ભારતમાં આજીવિકાને પણ નુકસાન થયું છે, આવી સ્થિતિમાં અમે આર્થિક, આબોહવા ક્ષેત્ર અને સુરક્ષામાં વ્યૂહાત્મક જોડાણના સ્તરથી આગળ લઈ જવા માંગીએ છીએ. અને તે માત્ર ખાલી વાતો નથી. દરમિયાન, અધિકારીઓએ જણાવ્યું હતું કે બંને વિદેશ પ્રધાનો વચ્ચેની બેઠક દરમિયાન ઉર્જા, વેપાર અને જળવાયુ પરિવર્તન સહિત દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા જેવા વિષયો ચર્ચાના એજન્ડામાં ઉચ્ચ હતા.

મીટિંગ પહેલા, વિદેશ મંત્રી જયશંકરે બેરબેક સાથે એક તસવીર શેર કરી અને ટ્વીટ કર્યું, "ભારતમાં આપનું સ્વાગત છે." સોમવારે બિઅરબોકના ભારતમાં આગમન પર, વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ટ્વીટ કર્યું, "જર્મન વિદેશ પ્રધાન બિઅરબોકનું નવી દિલ્હીની પ્રથમ સત્તાવાર મુલાકાત પર સ્વાગત છે. આ અમારી વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરવાની અને પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર મંતવ્યોનું આદાનપ્રદાન કરવાની તક છે.શનિવારે જર્મનીના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચીન સાથે ભારતના સંબંધો અને યુક્રેન પર રશિયન હુમલાની અસર જેવા મુદ્દાઓ જયશંકર અને બિઅરબોક વચ્ચેની મંત્રણામાં સામેલ છે.

ભારત અને જર્મનીએ વર્ષ ૨૦૨૧માં તેમના રાજદ્વારી સંબંધોની ૭૦મી વર્ષગાંઠની ઉજવણી કરી. તે જ સમયે, આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છઠ્ઠી ઈન્ડો-જર્મન ઈન્ટર-ગવર્નમેન્ટલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે બર્લિન ગયા હતા. આ સિવાય ભારતે ૪૭ દેશોની બેઠકમાં ભાગ લેનાર દેશ તરીકે ભાગ લીધો હતો.

## પાકિસ્તાન સાથે વધી દુશ્મનીઃ હવે તાલિબાન ભારત પાસે મદદ માંગી રહ્યું છે

### તાલિબાન ઈચ્છે છે કે ભારત તેમને ન્યુ કાબુલ સીટી બનાવવામાં મદદ કરે

નવીદિલ્હી,૫

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબ્જા બાદ એવું લાગી રહ્યું હતું કે તેની અને પાકિસ્તાન વચ્ચે સારા સંબંધો બનશે. જો કે હાલની પરિસ્થિતિ જોતા તાલિબાન પાકિસ્તાન પર કોઈ ધ્યાન નથી આપી રહ્યું ઉલટુ સરહદ વિવાદને અનુલક્ષીને બન્ને દેશો વચ્ચે તણાવ ઉભો થયો છે. ત્યારે ખરાબ અર્થતંત્ર અને રાજકીય સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનમાં પાકિસ્તાનમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાને પણ યુદ્ધની જાહેરાત કરી છે. અફઘાનિસ્તાનની વાત કરીએ તો તે પોતાની અર્થવ્યવસ્થાને સુધારવા માટે ભારત તરફ જોઈ રહ્યું છે. તમને જણાવી દઈએ કે, તાલિબાનના કબ્જા પછી પણ ભારતે અફઘાન લોકોને અનાજ મોકલીને મદદ કરી હતી.

હવે અફઘાનિસ્તાને પોતાની અર્થવ્યવસ્થા સુધારવા માટે એક વખત ફરીથી ભારતની મદદ માંગી છે. તેણે ભારતના ખાનગી ક્ષેત્રને રોકાણ કરવાનું કહ્યું છે જેથી કરીને તેમની આર્થિક સ્થિતિ સુધરી શકે. ગત સપ્તાહે તાલિબાનના શહેરી વિકાસ મંત્રીએ ભારતની ટેક્નિકલ ટીમના હેડ ભારત કુમાર સાથે એક મીટીંગ યોજી હતી. તાલિબાન ઈચ્છે છે કે ભારત તેમને ન્યુ કાબુલ સીટી બનાવવામાં મદદ કરે.

તમને જણાવી દઈએ કે, ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન કબ્જા બાદ પણ ભારતે પોતાના રાજદ્વારી સંબંધો બંધ કરી દીધા હતા. જો કે આ વર્ષે જૂનમાં ભારત દ્વારા એક ટેક્નિકલ ટીમ કાબુલ મોકલવામાં આવી છે. આ ટીમ વિકાસના કામો કરી રહી છે. છેલ્લા બે દાયકામાં ભારત અફઘાનિસ્તાનમાં આશરે ૩ બિલિયનનું રોકાણ કરી ચૂક્યું છે. ભારત મુખ્યત્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરે છે. ભારતે જ અફઘાનિસ્તાનનું સંસદ ભવન બનાવ્યું છે. હેરાતમાં ફ્રેન્ડશીપ ડેમ બનાવવામાં આવ્યો છે. આ સિવાય હબીબા હાઈ સ્કૂલને બીજી વખત બનાવવામાં આવી છે.

ભારતે કાબુલમાં ઈન્દિરા ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલ બનાવી હતી. તાલિબાની કબ્જા બાદ ભારતે અફઘાનિસ્તાનમાં માનવીય સહાય પણ મોકલી હતી. હાલમાં અફઘાનિસ્તાન આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે યુએન પ્રમાણે અફઘાનિસ્તાનમાં ખાદ્ય સંકટ વધતુ જાય છે.

## લખીમપુર ખીરી કેસઃ કેન્દ્રીય મંત્રીના પુત્ર આશીષ મિશ્રા પર ચાલશે કેસ, નામ હટાવવાની અપીલ ફગાવાઈ

લખનૌ,તા.૫

કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાની મુશ્કેલીઓ વધી ગઈ છે. હવે તેની સામે ખેડૂતોની હત્યાનો કેસ ચલાવવામાં આવશે. તેમના પર આરોપ છે કે લખીમપુર ખેરીમાં આંદોલન દરમિયાન તેમણે ખેડૂતો પર એસયુવી ચલાવી હતી. આ ઘટના ગયા વર્ષે ૩ ઓક્ટોબરે બની હતી. ખરેખર, આરોપી આશિષે કોર્ટમાં અરજી કરી હતી કે આ કેસમાં તેનું નામ હટાવવામાં આવે. પરંતુ કોર્ટે તેમની અપીલ ફગાવી દીધી હતી. કોર્ટ મંગળવારે તેના તેમજ તમામ આરોપીઓ સામે આરોપ ઘડશે.નોંધનીય છે કે, ગયા વર્ષે ૩ ઓક્ટોબરે લખીમપુર ખેરીમાં ખેડૂતોએ કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન કર્યું હતું. આરોપ છે કે તે સમયે આશિષ મિશ્રાએ ખેડૂતોને પોતાની મહિન્દ્રા થાર એસયુવી ઓફર કરી હતી. જેમાં ચાર ખેડૂતોના મોત થયા હતા. આ પછી રોષે ભરાયેલા ખેડૂતોએ કથિત રીતે ડ્રાઈવર અને ભાજપના બે કાર્યકરોને માર માર્યો હતો. કહેવાય છે કે લખીમપુર ખેરી ઘટનાના થોડા દિવસો પહેલા આશિષ મિશ્રાના પિતા ગૃહ રાજય મંત્રી અજય મિશ્રાએ ખેડૂતોને આંદોલન જલ્દી ખતમ કરવાની ધમકી આપી હતી.

## સાંસદે મહિલા મંત્રીને થપ્પડ મારતાં શરૂ થયો વિવાદ, લાતો-મુક્કા સાથે ઝપાઝપી કરાઈ

સેનેગલ,તા.૫

આફ્રિકન દેશ સેનેગલની સંસદમાં એક મહિલા મંત્રીને થપ્પડ મારવા મામલે વિવાદ થયો હતો. ઘટના ૨ ડિસેમ્બરની છે. એક સાંસદે મહિલા મંત્રીને થપ્પડ મારી હતી. આ પછી નારાજ મહિલા મંત્રીએ તેમના પર છુટ્ટી ખુરશી ફેંકી હતી. આ વિવાદ એટલો વધી ગયો કે બંને નેતાઓએ એકબીજા સામે ઝપાઝપી શરૂ થઈ ગઈ અને પછી તેમની વચ્ચે લાતો અને મુક્કાથી મારામારી થઈ હતી.સમગ્ર ઘટના દરમિયાન અન્ય વિપક્ષી નેતા મહિલાને લાત મારતા જોવા મળ્યા હતા, જે બાદ બંને નીચે પડી ગયા હતા.

સંસદમાં હાજર અન્ય સાંસદોએ બંને નેતાઓને પકડી લીધા હતા અને દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી સંસદની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી હતી. સંસદમાં બજેય સત્ર ચાલી રહ્યું હતુ. કાર્યવાહી દરમિયાન રુલિંગ પાર્ટી બેન્નો બોક્ક યાકારના મહિલા મંત્રી એમી નદિયે ગનીબીએ રાષ્ટ્રપતિ મેકી સોલના ત્રીજા કાર્યકાળનો વિરોધ કરનાર એક આધ્યાત્મિક નેતાની ટીકા કરી હતી. વિપક્ષની પાર્ટીના સાંસદ મસાતા સાંબને આ વાત પસંદ ન આવી. તેઓ પોતાની સીટ પરથી ઉભા થયા અને ગનીબીને થપ્પડ મારી હતી.



આધ્યાત્મિક નેતાની ટીકા અંગે સાંસદ મસ્સાતા સાંબે કહ્યું- એક મંત્રીએ સંસદમાં આધ્યાત્મિક નેતાનું અપમાન કર્યું છે. આ ખોટું છે. આ બાબતને મહિલા મંત્રીએ ગંભીરતાથી લીધી ન હતી. તેમણે કટાક્ષ કરતા તેને ટાળ્યું હતુ. સામ્બને આ પસંદ ન આવ્યું અને તેમણે મહિલાને થપ્પડ મારી દીધી હતી. આવું પહેલી વાર નથી કે જ્યારે દેશના સંસદમાં હોબાળો થયો હોય. એમેરિકાના સંસદનાં સ્પીકર નૈન્સી પેલોસીએ વર્ષ ૨૦૨૦માં કાર્યવાહી દરમિયાન તત્કાલીન વડાપ્રધાન ડોનાલ્ડ ટ્રમ્પની સ્પીચ ફાડી નાંખી હતી. ધ ગાર્ડિયનનાં રિપોર્ટ મુજબ પેલોસીએ ટ્રમ્પની સ્પીચને 'અવિશ્વાસનો મેનિફેસ્ટો' જણાવ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે આ વિવાદોને કારણે પેલોસીને 'ક્રેઝી નૈન્સી' પણ કહ્યું હતુ.ઘાનાની સંસદમાં એખ બિલ પર ચર્ચા દરમિયાન સરકાર અને વિપક્ષ વચ્ચે વિવાગ એટલો બધો વધી ગયો હતો કે ઉગ્ર મારામારી થી હતી. આ મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ પણ થયો હતો. જ્યારે સાંસદોની વચ્ચે મારામારી અટકી નહતી ત્યારે સિક્યોરિટીમાં તહેનાત માર્શલોએ વચ્ચે પડીને સ્થિતિ પર કાબુ મેળવવાના પ્રયાસ કર્યા હતા. કેપિટલ હિલ રમખાણોમાં ઓછામાં ઓછા ૧૩૮ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. જવાબી ગોળીબારમાં ૫થી વધુ તોફાનીઓ માર્યા ગયા હતા.અમેરિકામાં ૨૦૨૦માં થયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પુર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હાર થઈ હતી.

## તંત્રી સ્થાનેથી...

# ફિલ્મી સમારોહમાં રાજકીય રંગ

*ગોવામાં આયોજિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહમાં ઈઝરાયલના ફિલ્મકાર નદવ લેપિડ જ્યુરી પ્રમુખ હતા. તેમણે જ્યુરી પ્રમુખની હેસિયતથી બહુચર્ચિત ફિલ્મ 'ધ કશ્મીર ફાઈલ્સ'ને પ્રોપેગેન્ડા અને હલકી ગણાવીને ખરેખર એક વાહિયાત કામ કર્યું છે. વાહિયાત કામ એટલા માટે કે ભારતમાં ઈઝરાયલના રાજદૂતે ખુદ સામે ચાલીને ભારતીયોની માફી માંગી અને લેપિડની ઝાટકણી કાઢી છે. એક ફિલ્મકાર હોવાના નાતે નદવ લેપિડને ધ કશ્મીર ફાઈલ્સમાં કંઈક ખોટ દેખાય તે સ્વાભાવિક છે, પરંતુ તે કાશ્મીરી પંડિતો પર થયેલા અત્યાચારને દેખાડનારી આ ફિલ્મને પ્રોપેગેન્ડા ગણાવીને તેમના જખ્મો પર મીઠું કેવી રીતે ભભરાવી શકે? શું જ્યુરી પ્રમુખ તરીકે તેમને જે ફિલ્મો પસંદ નથી આવી, એ બધા વિરુદ્ધ પણ તેમણે આવો જ વાહિયાત પ્રલાપ કર્યો છે?*

*એ માનવાનાં ઘણાં કારણો છે કે તેમણે એક એજન્ડા અંતર્ગત આ ફિલ્મ પર નિશાન સાધ્યું અને ફિલ્મી સમારોહને એક રાજકીય રંગ આપવાની કોશિશ કરી. એક યહૂદી હોવાના નાતે તેમને જો થોડું પણ ભાન હોત કે કાશ્મીરી પંડિતોએ કેવા ભીષણ અત્યાચાર સહન કર્યા તો કદાચ તે આવી બેહુદા ટિપ્પણી કરવાથી બચ્યા હોત. તેઓ એનાથી અજાણ તો નહીં જ હોય કે ધ કશ્મીર ફાઈલ્સ કોઈ સમૂહ પર થયેલા અત્યાચાર પર બનેલી કોઈ પહેલી ફિલ્મ હોય. આવી ફિલ્મો દુનિયાભરમાં બનતી રહી છે. આમાંથી તો કેટલીક ફિલ્મો આખી દુનિયામાં વખણાઈ છે. ધ કશ્મીર ફાઈલ્સની સાથે જ શિંડલર્સ લીસ્ટ ફિલ્મની ચર્ચા એટલા માટે થાય છે, કારણ કે તે નાઝી જર્મનીમાં યહૂદીઓના ભયાનક દમનને રેખાંકિત કરે છે. આખરે એક યહૂદી ફિલ્મકાર કાશ્મીરી પંડિતોના ઉત્પીડન પર આટલો સંવેદનહીન કેવી રીતે હોઈ શકે? ફિલ્મકાર નદવ લેપિડની સંવેદનહીનતા પર કાશ્મીરી પંડિતોની સાથે જ અન્ય અનેક લોકોનું વિચલિત થવું સ્વાભાવિક છે. લેપિડ ગમે તે વિચારે, પરંતુ એ તથ્યની અવગણના ન કરી શકાય કે ધ કશ્મીર ફાઈલ્સે હોલોકોસ્ટ એટલે કે યહૂદીઓના સંહારની યાદ તાજી કરવાનું કામ કર્યું હતું. લેપિડ એ પણ જાણતા હશે કે હોલોકોસ્ટ પર કેટલીય ફિલ્મો બની ચૂકી છે. પરંતુ કોઈ 'ટૂલકિટ'ને અનુસરતાં લેપિડે ધ કશ્મીર ફાઈલ્સ ફિલ્મને પ્રોપેગેન્ડા ગણાવીને વિવાદ છેડ્યો છે. જોકે બીજા જ દિવસે લેપિડની ભારતવિરોધી માનસિકતા પણ છતી થઈ ગઈ, જ્યારે તેમણે એવું કહ્યું કે એક એવા દેશમાં જે બોલવાની ક્ષમતા ગુમાવી રહ્યો છે, ત્યાં બોલવું જરૂરી છે.*

*આશ્ચર્યની વાત છે કે કાશ્મીરી પંડિતો સાથે થયેલા અત્યાચારથી સારી રીતે પરિચિત લોકો રાજકીય કારણોસર કે ધ કશ્મીર ફાઈલ્સ પ્રત્યે પોતાના અંધવિરોધને કારણે નદવ લેપિડની અવાંછિત ટિપ્પણી પર આનંદ લઈ રહ્યા છે. તેમાં રાજકારણીઓ, કથિત બુદ્ધિજીવી-ઉદારવાદી, ડાબેરી ઝોક ધરાવતા અભિનેતા-અભિનેત્રીઓ વગેરે સામેલ છે. આવા લોકોને પરપીડક જ કહી શકાય.*

જીવનની એકવિધતાથી કંટાળ્યા છો?
બોસના ફાયરિંગથી આહત છો?
જજની સરમુખત્યારીથી આતંકિત છો?
અસીલની અપેક્ષાથી ત્રસ્ત છો?
ઘર,ઘરવાળી, ઘટનાની ઘાણીથી અતૃપ્ત છો??
બેગ, બિસ્તરા,,એટેચી, ડફલબેગ ભરી,
ખાખરા, ગાંઠિયા, થેપલા,અથાણા, છુંદા લઈ ,
બસ, ટ્રેન,વિમાન , ક્રુઝમા બેસી પ્રવાસે ઉપડી જાઓ.
તાજી હવા,
ઝીરો દવા,
નીકળો ફરવા,
હાલો ફરવા.
ઓફિસ જવાનું ટેન્શન નહીં,
બોલને ઉતારો પેન્શન પર.
ધોધ જુઓ,
ડેમ જુઓ,
ટેકરી જુઓ,
ખીણ જુઓ.
સૂર્યોદય જુઓ,
સૂર્યાસ્ત જુઓ.
ઠંડી ઠંડી હવાને માણો.
મોસમને માણો.
કેશમાં ગજરો નાંખો,
વાળમાં વેણી નાંખો
( ભાઈ ,તમારે વેણી નાંખવાની નથી!
વેણી નાંખવી હોય તો મારી ના નથી)
મેંદુવડા ખાવ,
ઈડલી ખાવ,
ઢોસા ખાવ,
ઉતપા ખાવ,
બિલીબેલા ખાવ,
રસમ પીવો,
કોફી પીવો,
રાત પડયે શરાબ પીવો,
ચિંતા ભગાવો,
સ્ટ્રેસ ભગાવો,
બીપી ઘટાડો,
કોલોસ્ટ્રોલ ઘટાડો!!
હેપી ઈન્ડેક્સ વધારો!!
જાત સાથે જીવવાની જડીબુટ્ટી છે,
સ્ફૂર્તિની બેટરી ચાર્જ કરવાની જડીબુટ્ટી છે!!
કોણ કહે છે કે,
ત્યાની સંસ્કૃતિ, રીતભાત, ભાષા, ખોરાક આત્મસાત કરો!!
ગોળી મારો!!
મનફાવે તેમ જીવો.
તનફાવે તેમ રહો.
ધનફાવે તેમ રખડો!!
ધંધો, વ્યવસાય, નોકરી કાયમ છે!!
અંદરના શિશુને જીવતો રાખવા,
હરોફરો, ફરોહરો, મનભરો.
ભરત વૈષ્ણવ
૦૫.૧૨.૨૦૨૨.

# દત્તજયંતી (ભાગ ૨)

દત્તાત્રેય ભગવાને કરેલા ચોવીસ ગુણગુરુ

દત્તાત્રેય (દત્ત) ભગવાને ચોવીસ ગુણગુરુ અને અનેક ઉપગુરુ કર્યા હતા. અધ્યાત્મનું એક તત્ત્વ છે -'એકજ ગુરુ પર શ્રદ્ધા રાખવી' એમ હોવા છતાં દત્તાત્રેય ભગવાને આટલા ગુરુ શા માટે ધારણ કર્યા ? દત્તાત્રેય દેવતા દ્વારા ધારણ કરવામાં આવેલા ગુરુ 'ગુરુ-શિષ્ય' સંબંધની દૃષ્ટિએ નહીં; જ્યારે તેઓ 'ગુણગુરુ' હતા. ખરું જોતાં વિશ્વમાં પ્રત્યેક વિષય-વસ્તુ ગુરુ જ છે; એટલા માટે કે અનિષ્ટ વાતો આપણને શીખવે છે કે કયા દુર્ગુણોનો ત્યાગ કરવો જોઈએ તેમજ સારી બાબતો દ્વારા શીખીએ છીએ કે કયા સદગુણો અપનાવવાના છે. તેથી જીવનમાં વિવિધ ગુણગુરુ હોવા અત્યંત આવશ્યક છે.

દત્ત અને તેમની વસ્તુઓનો અર્થ શું છે ?

દત્તાત્રેય દેવતામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, આ ત્રિદેવોનાં તત્ત્વો છે. તેમનાં હાથમાં બ્રહ્મદેવનાં કમંડળ અને જપમાળા છે, વિષ્ણુનાં શંખ અને ચક્ર છે તેમ જ શિવજીનાં ત્રિશૂળ અને ડમરુ




છે. આમાંની પ્રત્યેક વસ્તુનો વિશિષ્ટ ભાવાર્થ છે, ઉદા. કમંડળ ત્યાગનું પ્રતીક છે. દત્તગવાનનાં ખભે એક ઝોળી પણ હોય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. ઝોળી આ મધમાખીનું પ્રતીક છે. જે રીતે મધમાખી જુદા-જુદા સ્થાનો પર જઈને મધ એકઠું કરે છે, તેવી જ રીતે દત્તગવાન ઠેકઠેકાણે ભ્રમણ કરીને ઝોળીમાં ભિક્ષા ભેગી કરે છે. ઠેકઠેકાણે ભિક્ષા માગવાથી અહમ્ વહેલાં ઓછો થાય છે. તેથી ઝોળી, અહમ્ નષ્ટ કરવાનું પ્રતીક છે.

દત્ત અને તેમનાં પરિવારનો અર્થ શું છે ?

દત્તભગવાનની વિશેષતા એમ છે કે, તેઓ ક્યારે પણ એકલા દેખાતા નથી, સપરિવાર જ હોય છે. પરિવારનો આધ્યાત્મિક અર્થ આ પ્રમાણે છે.

૧. દત્તભગવાનની પાછળ જે ગાય છે, તે પૃથ્વી અને કામધેનુનું પ્રતીક છે.

૨. ચાર કૂતરા ચાર વેદોનાં પ્રતીક છે.

૩. ગાય અને કૂતરા, એક રીતે દત્તભગવાનનાં અસ્ત્ર પણ છે. ગાય પોતાના શિંગડાં મારીને અને કૂતરાં કરડીને શત્રુથી રક્ષણ કરે છે.

૪. ઔદુંબર એટલે ઉમરડાનું વૃક્ષ દત્તભગવાનનું પૂજનીય રૂપ છે; કારણકે, તેમાં દત્તતત્ત્વ વધારે હોય છે.

શ્રી દત્તભગવાનનું સાધનાની દૃષ્ટિએ શું મહત્ત્વ છે ?

હિંદુ ધર્મમાં અનેક દેવી-દેવતાઓ છે. તેમાંથી ગુરુસ્વરૂપે પૂજાય છે, એકમાત્ર દત્તભગવાન. તેથી શ્રી ગુરુદેવ દત્તનો જયઘોષ કરવામાં આવે છે. દત્તાત્રેય ભગવાન ગુરુતત્ત્વનાં આદર્શ અને યોગનાં ઉપદેષ્ટા છે. દત્તભગવાનનાં યદુ, સહસ્રાર્જુન, પરશુરામ ઈત્યાદિ શિષ્ય પ્રસિદ્ધ છે. દત્તભગવાનનાં ગુરુરૂપને કારણે શૈવ અને વૈષ્ણવ, બન્ને સંપ્રદાયના લોકોને આ ભગવાન પોતાના લાગે છે. દત્તાત્રેય દેવતા ગુરુતત્ત્વનું કાર્ય કરે છે, તેથી સમસ્ત લોકો જ્યાં સુધી મોક્ષ નહીં પામે, ત્યાં સુધી તેમનું કાર્ય ચાલુ જ રહે છે.

વૈવાહિક સમસ્યાઓ અને વ્યસનમુક્તિ માટે દત્તાત્રેય ભગવાનનો જપ કરવો !

વિવાહ ન થવા, પતિ-પત્નીમાં અણબનાવ, ગર્ભધારણા ન થવી, ગર્ભપાત, સંતાન મંદબુદ્ધિ અથવા વિકલાંગ નીપજવું, માત્ર કન્યાઓ જ જન્મવી (એટલે કે વંશવૃદ્ધિમાં બાધા) ઈત્યાદિ જેવી વૈવાહિક સમસ્યાઓ અને વ્યસનાધીનતા, અતૃપ્ત પૂર્વજોનાં સૂક્ષ્મ-દેહને કારણે થનારા ત્રાસના ઉદાહરણો છે. તેના નિવારણ માટે ત્રાસની તીવ્રતા પ્રમાણે, પ્રતિદિન ૩ થી ૯ માળા 'ૐ શ્રી ગુરુદેવ દત્ત ' જપ કરવો.દત્તજયંતીને દિવસે દત્તાત્રેય ભગવાનનું તત્ત્વ, અન્ય દિવસોની તુલનામાં, એક સહસ્ર ગણું કાર્યરત હોય છે. આ તિથિને દિવસે તેમનો વધારેમાં વધારે નામજપ અને ઉપાસના કરવાથી તેમના તત્ત્વનો લાભ વધારે મળે છે.

મૃતદેહને સ્મશાનમાં લઈ જતા સમયે સર્વલોકોએ દત્તભગવાનનો નામજપ શા માટે કરવો જોઈએ ?

મૃતદેહને સ્મશાનમાં લઈ જતા સમયે સર્વ લોકોએ 'ૐ શ્રી ગુરુદેવ દત્ત' આ નામજપ કરવો જોઈએ. પૂર્વજોને ગતિ આપવી, આ દત્તતત્ત્વનું કાર્ય જ હોવાથી દત્તભગવાનનાં નામજપથી અલ્પ કાલાવધિમાં લિંગદેહને, તથા વાતાવરણ કક્ષમાં અટવાયેલા તેનાં અન્ય પૂર્વજોને ગતિ મળે છે.

દત્તાત્રેય ભગવાનની નામજપ ઈત્યાદિ ઉપાસના કેવી રીતે કરવી જોઈએ ?

અ. પૂર્વજોની અતૃપ્તિને કારણે ત્રાસ મંદ હોય અથવા તો વર્તમાન સમયમાં ત્રાસ ન થઈ રહ્યો હોય, તો ભવિષ્યમાં પણ તે થાય નહીં એટલા માટે ઓછામાં ઓછી ત્રણ માળા 'ૐ શ્રી ગુરુદેવ દત્ત'નો નામજપ પ્રતિદિન કરવો.

આ. જો મધ્યમ ત્રાસ હોય, તો 'ૐ શ્રી ગુરુદેવ દત્ત'નો નામજપ ઓછામાં ઓછી છ માળા કરવો. આમાંથી પ્રતિદિન ઓછામાં ઓછો એક-બે માળા નામજપ મંદિરમાં જ બેસીને એક વર્ષ સુધી કરવો. તે સાથે જ દત્તભગવાનનાં મંદિરમાં ગુરુવારે જઈને સાત પ્રદક્ષિણા ફરવી. ત્રાસ ઓછો થયા પછી પ્રતિદિન ત્રણ માળા જપ ચાલુ રાખવો.

ઈ. જો તીવ્ર ત્રાસ હોય, તો ઓછામાં ઓછી નવ માળા 'ૐ શ્રી ગુરુદેવ દત્ત'નો નામજપ કરવો. કોઈ જ્યોતિર્લિંગનાં સ્થાન પર જઈને આવશ્યકતા અનુસાર ત્રિપિંડી શ્રાદ્ધ, કાલસર્પશાંતિ જેવા વિધિ કરવા. દત્તભગવાનનાં કોઈ ક્ષેત્રમાં રહીને સાધના કરવી અથવા સંતસેવા કરીને તેમનાં આશીર્વાદ મેળવવા. આ છે નિયમિત દત્તભગવાનની નામજપ-સાધના.ઈ. પિતૃકર્મ કરવા માટે સૌથી ઉત્તમ કાળ છે પિતૃપક્ષ. આ કાલાવધિમાં દત્તનો નામજપ કરવાથી પૂર્વજોને ગતિ મળે છે તેમ જ પૂર્વજો દ્વારા થતાં ત્રાસની સામે પણ રક્ષણ થવામાં અધિક સહાયતા મળે છે. આ હેતુથી પિતૃપક્ષમાં પ્રતિદિન ઓછામાં ઓછો નવ માળા 'ૐ શ્રી ગુરુદેવ દત્ત'નો નામજપ કરવો.

સંદર્ભ : સનાતનનો લઘુગ્રંથ દત્ત

સંપર્ક:૯૭૨૬૬૪૪૩૮૫

# વિમાન ચલાવવું એ ડાબા હાથનો ખેલ છે

હું અંગત રીતે( હું જાહેરમાં માનું છું તે કોઈ માનતું નથી.)માનું છું કે વિમાન ચલાવવવામાં કોઈ મોથ મારવાની નથી. કદાચ તમે કોમર્શિયલ પાઈલોટ હશો કે એર ફોર્સમાં હશો તો વિરોધ કરશો. ભલે વિરોધ કરો. તમને ઘણી ખમ્મા! વિમાન તમારું ભલું કરે.

આ વિમાન ચલાવનારા કંઈ મૂડી પર પોતાને કેપ્ટન કે સ્ક્વોડ્રન લીડર કહેવડાવતાં હશે તેની ખબર નથી. વિમાન વાળાના વાદે ચડીને તેજસ ટ્રેનના ડ્રાઈવરો પોતાને પાઈલોટ કહેવડાવતા હશે? આ તો એક વાત થાય છે! કાલે અમારો છકડો બારેમાસ વાળા સાઉથની ફિલ્મવાળાની જેમ અકસ્માતમાં ગાડીઓ ઉછાળે છે એમ છકડો ઉછાળતા રહે છે તે છકડાવીરો પણ આરટીઓને પાઈલોટ કહેવડાવવા અરજી કરશે!! જમીન પરથી રીમોટથી ડ્રોન ચલાવનાર ખુદને પાઈલોટ કહે છે. કાલે રસ્તા પર કોથળા જેવો દેહ લઈને ચાલનાર પોતાને પાઈલોટ કહેશે'સ શું કહો છો ,ઠાકુર??

વિમાન ચલાવવામાં ઉપડવા એટલે કે ટેઈક ઓફમાં ધ્યાન રાખવું પડે. એ જ રીતે વિમાન ઉતારતી વખતે એટલે કે લેન્ડીંગમાં કાળજી લેવી પડે. ક્યારેક રન વે પરથી વિમાન લસરી જવા કે વિમાનનું ટાયર બર્સ્ટ થવા જેવી ઘટના બને. કદીમદી પક્ષી વિમાનને અથડાય ત્યારે બર્ડહીટને લીધે પ્લેન ક્રેશ થાય. ટેકનિકલ ખામીને લીધે વિમાન હોનારત થાય!! ઉપર સદંતર ટ્રાફિક ન હોય તો પણ બે વિમાન અથડાઉ પડે છે. હવે, આકાશમાં ટ્રાફિક સિગ્નલના પોલ અને ટ્રાફિક આઈલેન્ડ કરવાની જરૂરત લાગે છે!!વિમાન આકાશમાં ઉડે ત્યારે વિમાનને અમદાવાદ કે ગાંધીનગર જેવા ડીસ્કો રોડ, જીવલેણ બમ્પ, રસ્તા પર અડો જમાવીને ત્રેત્રીસ કરોડ દેવતાને દેહમાં સમાવનારી ગાય કે ગાયોના સમૂહથી ડરતાં ડરતાં શું વિમાન તારવવું પડે છે???ભાવ વધારાની જેમ ત્રાટકતાં સ્ટ્રીટ ડોગનોજીવ બચાવવા બાઈકરની જેમ ગબડવું પડે છે? રાજકીય પક્ષોની જેમ લડતાં આખલાથી ભયભીત થવું પડે છે? વાહન બાપનો બગીચો હોય તેમ રોડ પર એક વાહન પાર્ક કરેલ હોય તેને સમાંતર બીજું વાહન પાર્ક કરી અડધો રસ્તો બ્લોક કરેલ હોય ,સામેથી રોંગસાઈડમાં પુર ઝડપથી ટુ વ્હીલર કે ફોર વ્હીલર વચ્ચેથી વિમાન ચલાવવાનું હોય છે ? રસ્તા પર વરઘોડા, શોભાયાત્રા કે કથાના મંડપોના દબાણમાં વિમાન કયાં ચલાવવાનું હોય? બાપુ ગાડીની સ્પીડથી વાહન ચલાવવા છતાં સતત હોર્ન મારવા, રાતના સમયે ડીપર લાઈટ કરવા છતાં સાઈડ ન આપતાં અલેલટપ્પુઓ વચ્ચે વિમાન ચલાવવાનું હોય? ટ્રાફિક આઈલેન્ડ પર લાલની લીલી લાઈટ થાય ત્યાં સુધી બોચીએથી પરસેવાના ધધુડા પડતા હોય તેવી સ્થિતિમાં વિમાન ચલાવવાનું હોય છે? ચોમાસામાં ત્રાંસા વરસાદના છાંટા આંખમાં તીરની જેમ વાગે એમ વાહન ચલાવવાનું હોય છે?

વિમાનનો પાયલોટ તો તમારો ભાગ્ય વિધાતા હોય તેવી મગરૂર ભાષામાં એનાઉન્સમેન્ટ કરે છે, જેના ઉચ્ચારો મંગળ ગ્રહના વતની જેવા હોય છે. વિમાનના પાયલોટનું એનાઉસમેન્ટ અને ડોકટરના ગરબડિયા અક્ષરમાં લખેલા પ્રિસ્ક્રિપ્શનના અક્ષરોનું હાર્દ આત્મસાત કરનાર વિરલા જવલ્લે જ જેવા મળે છે!!તમે ખમાસાની પોળ કે મિરઝાપુર કે ભાવનગરની સાંકડી ગલીમાં વાહન ચલાવતી વખતે કાયદેસરનું ઝોકું ખાઈ શકો? પાઈલોટ વિમાનને ઓટો મોડ પર મુકી પંદર મિનિટ કાયદેસર ઊંઘી શકે છે. હોટલ કે રેસ્ટોરેન્ટનું રસોડું ગ્રાહક માટે હેરત અંગેજ ગણાય છે, તેમ વિમાનની કોકપિટ પેસેન્જર માટે રહસ્યમયી હોય છે. માનો કે આગાથા ક્રિસ્ટી કે આલ્ફ્રેડ હિંચકોકની કૃતિ ન હોય!

વિમાનમાં પેસેન્જર પર કેટલા નિયંત્રણો? ટેઈક ઓફ કે લેન્ડિંગ સમયે અવરજવર કરી ન શકાય કે લેવેટરીનો ઉપયોગ કરી ન શકાય! પેસેન્જરે મોંઘા ભાવના વ્યંજનો વિમાનની પેન્ટ્રીમાંથી ખરીદ કરવા પડે. અહીં સાલ્લા પાન મસાલાના ગલ્લા કે ફાફડા જલેબીના સ્ટોલ પણ ન હોય , બોલો.( શું બોલે ભાયા ? આયાં આવું જ હોય!) પેલું શુ કહે છે ખુરશી કી પેટી બાંધી રખિએ. સીટ સીધી રખિએ! તારી ભલી થાય ચમના. આટલા રૂપિયા ખરચવા છતાં જાતજાતની પાબંદી. અમે છકડામાં બેસીએ તો નવઘણ ભરવાડ એટલું જ કહે કે ડાંડો ઝાલી રાખજો, નયતર ઢોળાઈ જશો કે વેરાઈ જશો.

બોસ વિમાનમાં બીડી કે સિગારેટ કે ઈ સિગારેટ ન પીવાય. લેવેટરીમાં સિગારેટ પીવે તો પણ એકશન લે. જયારે આપણા છકડામાં પાયલોટ, છકડા ક્રુ મેમ્બર અને પેસેન્જર એક બીડીમાંથી ચાર ચાર જણ કસ મારતા હોય,બાપલિયા વયા આવો સંચોડા!! વિમાનનો પાયલોટ ધના સુતારની પોળમાં વિમાન હંકારી દે તો આપણે એના ગુલામ થઈ જાય હોં કે!!

પાયલોટ થવાની ટ્રેઈનીંગ માટે ફલાઈટ કલબ ચાલે છે.થિયેરીકલ, પ્રેકટીકલ , સિટીમ્યુલ્ટર પર તાલીમ આપે. અમુક કલાક વિમાન ઉડાડવાનો અનુભવ હોય તો વિમાન ઉડાડી શકે!!ધમાલ પિકચરમા વિમાન ચલાવવા માટે એર ટ્રાફિક કંટ્રોલ સાથે હીરો સંવાદ કરે છે તે રોચક અને રસપ્રદ છે. "લાલ બટન દેખ રહે હો?" એમ પૂજાયેલ સવાલમાં " હા દુખ રહાં હૈ. લાલ બટન દબા દિયા " એમ હીરોલોગજવાબ આપે છે.એટીસી ઠંડા કલેજે કહે છે" વો નહીં દબાના થા!!" છેવટે પ્લેન ક્રેશ થાય છે!!

જયારે અમારા વીર રીક્ષાવાળા હાથમાં સ્ટિયરીંગ પકડે કે પાકું લાઈસન્સ પાકું જ સમજો . સ્ટિમ્યુલ્ટર વળી કંઈ બલા છે? શરીરનું અડધું ઠાઠું રીક્ષા બહાર કાઢી પગથી સાઈડ બતાવતો સર્પન્ટ રીક્ષા ચલાવે કે સૌના શ્વાસ અદ્ધર થઈ જાય.

અમેરિકામાં એક નાના વિમાનના ઉડાનની વચ્ચે જ પાઈલટ અચેત થઈ ગયો. એવામાં વિમાનનું લૅન્ડિંગ એક મુસાફરે જ કરાવ્યું. આ પહેલા આ મુસાફરે ક્યારેય વિમાન નહોતું ઉડાવ્યું. મામલો બુધવારનો છે. મુસાફરે એટીસીની મદદથી સેસના ૨૦૮ લાઈટ વિમાનને ફ્લોરિડા એરપોર્ટ પર સુરક્ષિત ઉતાર્યું.

વિગતો મુજબ એક ટુ સિટર વિમાને બહામાસના માર્શ હાર્બર સ્થિત લિયોનૉર્ડ એમ. થૉમ્પસન ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરી હતી. રસ્તામા જ વિમાનનો પાઈલોટ બેભાન થઈ ગયો. સંકટમાં ફસાયેલા જોઈને મુસાફરે એરટ્રાફિક કન્ટ્રોલર સાથે સંપર્ક કરી મદદ માંગી.

વિમાનને ૧૧૩ કિમી દૂર ફ્લોરિડાના તટથી દૂર સમુદ્રની ઉપર ઉડતું હોવાની જાણ થઈ.

આ દરમિયાન એટીસીએ પામ બીચ ઈન્ટરનેશનલ એરપોર્ટે સેસના વિમાનના કૉકપિટની પ્રિન્ટ લીધી અને ટ્રાફિક કન્ટ્રોલર રોબર્ટ મોર્ગનને મુસાફર સાથે વિમાનને નિયંત્રિત કરવાની સુરક્ષિત લૅન્ડ કરાવી દીધું.આ અજ્ઞાત મુસાફર પોતાની ગર્ભવતી પત્નીને મળવા માટે આવી રહ્યો હતો.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) મુજબ, એક એન્જિનવાળા સેસના ૨૦૮ વિમાન પર માત્ર બે લોકો સવાર હતા.

વિમાન ચલાવવું એ ડાબા હાથનો ખેલ છે.બોલો, મારી વાત ખોટી છે? વિમાન ચલાવવા કોઈ તાલીમની જરૂર નથી.

આ સમાચાર વાંચીને રાજુ રદીની ડાઢ ડળકી છે. વિમાન ચલાવીને રાજુ રદીને હાથ સાફ કરવા છે!!

ભરત વૈષ્ણવ

# વિશ્વ રેકોર્ડ બનાવી નેશનલ વ્હીલચેયર ક્રિકેટ ચેપિયનશિપ સંપન્ન થઇ,ઉત્તરપ્રદેશની ટીમ વિજયી

## વિજેતાને ચેપિયનશિંપ ટ્રોફીની સાથે ૨.૫૦ રૂપિયા અને ઉપ વિજેતાને ૧.૫૦ લાખ રૂપિયા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા




ઉદયપુર,તા.૫

તૃતીય નેશનલ વ્હીલચેયર ક્રિકેટ ચેપિંયનશિપ ૨૦૨૨ વિશ્વ રેકોર્ડ બનાવવાની સાથે સંપન્ન થઇ છે.ઉત્તરપ્રદેશની ટીમે સારૂ પ્રદર્શન કરતા હરિયાણા ટીમને વિના વિકેટે ૬.૨ ઓવરમાં પરાજિત કરી ચેપિયનશિંપ ટ્રોફી પર કબજો જમાવ્યો હતો.નારાયણ સેવા સંસ્થાન,ડિફરેંટલી એબલ્ડ ક્રિકેટ કાઉસિલ ઓફ ઇન્ડિયા(ડીસીસીઆઇ),ડબ્લ્યુસીઆઇ અને રાજસ્થાન રોયલ્સના સંયુકત ઉપક્રમે આયોજીત થયેલ સાત દિવસીય ટુર્નામિન્ટમાં ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો. નારાયણ સેવા સંસ્થાનના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલે જણાવ્યું હતું કે દુનિયાના સૌથી મોટા વ્હીચેયર ક્રિકેટ ટુર્નામેન્ટને પહેલીવાર ગિનીચ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન આપવામાં આવ્યું છે.આ સંબંધમાં ગિનિચ બુકના પ્રતિનિધિ સ્વપ્નિલે નારાયણ સેવા સંસ્થાનને વિશ્વ રેકોર્ડનું પ્રમાણ પત્ર એનાયત કર્યું હતું.

ગિનિચ બુકના પ્રતિનિધિ સ્વપ્નિલે કહ્યું કે ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે તમામ પેરામીટર્સ પુરા કરવાની સાથે જ જરૂરી હતું કે આ ટુર્નામેન્ટમાં ઓછામાં ઓછા ૧૫૦ વ્હીલચેયર ક્રિકેટરે ભાગ લીધો હતો પરંતુ આ ટુર્નામેંન્ટમાં દેશભરમાંથી આવેલી ૧૬ ટીમોના ૨૦૦થી વધુ વ્હીલચેયર ખેલાડીઓએ ભાગ લીધો હતો ઇંટરનેશનલ અને નેશનલ સ્તર આટલી મોટી વ્હીલચેયર ક્રિકેટ ટુર્માનેંટ કોઇ પણ દેશમાં પહેલા કયારેય થઇ નથી આવામાં આ નેશનલ વ્હીલચેયર ક્રિકેટ ચેપિયનશિપે લાર્જેસ્ટ વ્હીલચેયર ક્રિકેટ ટુર્નામિન્ટનું ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો છે.

પ્રશાંત અગ્રવાલે તૃતીય રાષ્ટ્રીય વ્હીલચેયર ક્રિકેટ ચેપિયનશિપના વિશ્વ રેકોર્ડ બનાવવા પર પ્રસન્નતા વ્યકત કરતા કહ્યું હતું કે સંસ્થાન નારાયણ પેરા સ્પોટ્ર્સ એકેડમી દ્વારા રાષ્ટ્રીય પેરા ગેમ્સને પ્રમોટ કરવાની સાથે સતત પ્રયાસ કરેશે.વિજેતા ચેપિયનશિપ ટ્રોફીના સમાપન સમારોહમાં અતિથિઓએ વિજેતા ઉત્તરપ્રદેશની ટીમને ચેપિયનશિપ ટ્રોફીની સાથે જ ૨.૫૦ લાખ રૂપિયા અને ઉપવિજેતા હરિયાણાની ટીમને ૧.૫૦ લાખ રૂપિયાનું રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં હાજર રહેલા ક્રિકેટ પ્રેમીઓ વચ્ચે આરસીએ ગ્રાઉન્ડ પર નેશલ વ્હીલચેયર ક્રિકેટ ચેપિયનશિપ ૨૦૨૨નું ગ્રાંડ ફિનાલે મેચમાં ઉત્તરપ્રદેશ અને હરિયાણા ટીમની વચ્ચે રમાઇ હતી યુપીએ ટોસ જીતી હરિયણાએ પહેલા બેટીંગ માટે આમંત્રિત કર્યુ હરિયાણાની ટીમના ત્રણ મહત્વપૂર્ણ બેટસમેનો પહેલી જ ઓવરમાં આઉટ થઇ ગયા હતાં. જયારે ઉત્તરપ્રદેશની ટીમે ૧૪ ઓવરમાં માત્ર ૮૫ રન આપી હરિયાણાને ઓલ આઉટ કરી દીધી હતી ઉત્તરપ્રદેશની ટીમને જીતવા માટે ૮૬ રનની જરૂર હતી અને તેણે કોઇ પણ વિકેટ ગુમાવ્યા વિના ૬.૨ ઓવરમાં જ ૮૬ રન બનાવી ચેમ્પિયનશિપની ટ્રોફી જીતી લીધી હતી.સમાપન સમારોહમાં ઓલમ્પિયન અને અર્જૂન અવાર્ડી ધુલચંન્દ ડામોર,જીલ્લા કલેકટર તારાચંદ મીણા,રાજસ્થાન રાજય ધરોહર સંરક્ષણ અને પ્રોન્નતિ પ્રાધિકરણની સીઇઓ ટીકમચંદ બોહરા,ડબ્લ્યુ સી આઇના અધ્યક્ષ સ્કવાડ્રન લીડર અભય પ્રતાપ સિંહ ડીસીસીઆઇ સચિવ રવિ ચૌહાણ,રાજસ્થાન રોયલ્સના અભિજીત સિંહ રાજસ્થાન જનજાતિ આયોદના સભ્ય પન્નાલાલ મીણા રાજસ્થાન ધરોહર સંરક્ષણ પ્રાધિકરણ નિદેશક મનોહર લાલ ગુપ્તા જીલ્લા તૈરાકી સંઘના અધ્યક્ષ ચંદ્રગુપ્ત સિંહ ચૌહાણ જીલ્લા ખેલ અધિકારી શકીલ હુસૈન તથા ક્રિકેટના આંતરરાષ્ટ્રીય એમ્પાયપર મો રફીક પણ હાજર રહ્યાં હતાં. સંસ્થાન સંસ્થાપક પદ્મશ્રી કૈલાશ માનવે અતિથિઓનું સ્વાગત કરતા દિવ્યાંગોનું શિક્ષણ,ચિકિત્સા અને પુનર્વાસની ૩૮ વર્ષીય સેવા યાત્રાની જાણકારી આપી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS N0 : 089
પ્રવિણા કડકિઆ
વિષય પરિચય
શીર્ષક પ્રયત્ન કર્યો
————

પરિચય આપવો એ ઘણું મુશ્કેલ કાર્ય છે. ૨૧મી સદીની કમાલ જુઓ, મળ્યા નથી પણ ઘરોબો બંધાવ ગયો. બસ તમારો પ્રેમ નિરંતર મળતો રહે.

મુંબઈમાં વણિક કુટુંબમાં જન્મ, ફેલોશિપ શાળા અને વિલસન કોલેજની તરવરાટ ભરી જીંદગી માણી હતી.

માતાના સુંદર સંસ્કાર , ઘરકામમાં કુશળતા અને કુટુંબ પ્રત્યેની લાગણી

ભાથામાં લઈ અવિનાશ સંગે ઘર સંસાર માણ્યો. થવું હતું ડોકટર, થઈ વકીલ અંતે સાહિત્યના શરણે શાંતિ લાધી.

મધુરા ૧૨ વર્ષ ભારતમાં ગાળ્યા , અંતે અવિનાશની આંગળી ઝાલી બે નાના દીકરાઓ લઈ અમેરિકા આવી.

જે ઘરમાં પવન પૂછીને આવતો ત્યાં વાવાઝોડું ઘુસા ગયું. અંતરમાં ખળભળાટ થયો, જીવનસાથી રિસાઈ ગયો.

મનનું દર્દ કાગળ પર ઉતાર્યું. આજે આપણે મળ્યા. મન , કલમ અને કાગળે કમાલ કરી. ઈશ્વરે સહાય કરી, પ્રયત્નો સફળ થયા.

પ્રથમ કાવ્ય સંગ્રહ “ અંતરનો અવાજ”અવિનાશને કર્યો. “સમરપણ” ભજનની સી.ડી. બહાર પાડી. દિલને કળ વળી, જ્યારે “એક ડગ ધરા પર” નવલકથા લખાઈ.

પછી “જાગીને જોંઉ તો,” “જિગરના પાપા”, સંઘર્ષની સોડમાં, ઝાકળ બન્યું મોતી, ઉમંગનું લોલક. સાચે ઈશ્વરની કૃપા થઈ.

પંદર વર્ષ અમેરિકામાં “ ફૈંષ્ઠી ́ક જીઠ્ઠહઙ્ઘઠ્ઠહ ૐઁહઙ્ઘૈ ઢરઙ્ઘદ્બિઠ્ઠ” રેડિયો પ્રોગ્રામ મિત્ર સાથે આપ્યો . અંતે ૬૫ વર્ષની ઉંમરે ભારત અનેક વર્ષ માટે આવીને “યોગનો” અભ્યાસ તરી ડિગ્રી લઈ પાછી ફરી.

છેલ્લા ૧૨ વર્ષથી વિના મૂલ્યે યોગના વર્ગ ચલાવી રહી છું. ૯ વર્ષ “ ગુજરાતી રસોઈના વર્ગ ચલાવી અમેરિકનોના દિલ જીત્યા”. અંતે ભરત, ગુંથણ, મોતીના દાગીના બનાવવા એ બધું પણ ચાલતું હોય.

એક જીવન જીવવાનું છે. શ્રીજી એ હાથ ઝાલ્યો છે. જીવન વ્યર્થ ન જવા દેવાના સંકલ્પ સાથે બાકીની જીંદગી પૂરી કરવાની આશા છે. સુખી અને પ્રેમાળ કુટુંબનો સાથ જીવન સહજ અને સરળ બનાવી રહ્યું છે .

પ્રવિણા કડકિઆ

---------------------------------------------

NOG NO. S.S.0059.
વિષય; શબ્દ ‘પરિચય’
પ્રકાર; ગદ્ય- લેખ.
શીર્ષકઃ ‘સોનાની ખાણ’
શબ્દો; ૩૨૨..
શ્ર?જયકાન્ત ઘેલાણી--પ્યારે.
‘પરિચય’ યા ને ઓળખાણ !
સમસ્ત વિશ્ર્વમાં;જે વ્યક્તિ

સહેલાઈ થી પોતાનો પરિચય આપી, સામેની વ્યક્તિ નો ‘પરિચય’ મેળવી ,અરસ પરસના સારાં વિશ્વાસુ સંબંધો કેળવી શકેછે તે અવશ્ય મહાન માનવનૂ માન સહેલાઈથી મેળવી શકેછે.

લેખક, ‘પ્યારે’ એ સાચું જ લખ્યું છે કે ‘પરિચય’ ની પાંખે
ઊડી, માનવી પોતાના પ્રારબ્ધ ના આકાશને સહેલાઈથી આંબી શકેછે.

અરે, દરેક ગૂજરાતીના .હૈયામા રહેતી અને હોઠે રમતી કહેવત,
‘ઓળખાણ એજ’
‘સોનાની સાચીં ખાણ’
પરિચય ની સાચી કિંમત .તો
પરિચીત જ જાણે .
ચેલેન્જ સાથે જણાવુ છુ ,
કે આજે વિશ્ર્વમા પરિચય વગરની એક પણ વ્યકિત મળવી
અસંભવ !
‘પરિચય’ જ વિકાશનૂ સાચું માધ્યમ !
હા,આજે અરસ પરસનો પરિચય
કેળવવામા અદ્યતન ટેકનોલોજીનું
ઘણૂજ મોટૂ યોગદાન સમાયેલુછે, જેમા, પ્રિન્ટ મિડીયા,ટેલીફોન, વિડીઓ,વોટ્સઅપ,ટ્રાવેલિંગ વિગેરે નુ ઘણુજ મોટુ યોગદાન સમાયેલુછે.
તમે જેટલા વધુ પરિચીત તેટલાં વધૂ માહિતગાર !
સમસ્ત વિશ્ર્વની પ્રજા આજે એક
પરિવારનો અનૂભવ કરી રહીછે તો તેની પાછળનો ‘રાજ’ યા ને ‘રહસ્ય’ ,માત્ર ને માત્ર ચાર અક્ષરનો શબ્દ ‘પરિચય’!
આપણે સૌ અનૂભવવીએ છીએ ‘પરિચય’ની અદભૂત તાકાત
આજે આંતરરાષ્ટીય ક્ષેત્રે પણ
‘પરિચય’ નો દબદબો વિસ્તરી રહ્યોછે અને તેના ઊદાહરણ રૂપે દરેક દેશમા અલગ અલગ દેશના પ્રતિપીની- ‘એલચી’ ની નિમણૂક !.તેથીજ સમસ્ત વિશ્ર્વની પ્રજા ‘પરિચય’ ને પોષણ આપેછે.
અરસ- પરસ નો સાચો અને ભરોશા દાયક ‘પરિચય’ માજ
વિશ્ર્વ શાન્તીનુ બીજ રોપાયેલુછે .
‘પરિચય’ કેળવી અને મેળવી, સ્વ સાથે અન્ય ની ઉન્નતીના
સાથીદાર બનીએ.
આપણે દરેક NOG ના માધ્યમથી
પરિચિત બન્યા અને પ્યારે’,ભાઈચારા ની ભાગીદારીની આનંદ દાયક સાહિત્ય સફરના સાથીદાર બન્યા.
પ્યારે‘ આપણા વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી, પણ પરિચયની પાંખે જ વિકાશ સાથે વિશ્ર્વ શાન્તિ નું ધ્યેય આગળ વધારી રહ્યાજછે ને ?

---------------------------------------------

NOG SS -નંબર- ૧૨૦
શબ્દ : પરિચય
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : ઓળખાણ
શબ્દો : ૬૭

‘ઓળખાણ’

કોઈકનો પરિચય કરવાથી થાય ઓળખાણ,
એકબીજા નજીક જવાથી થાય ઓળખાણ.
અજાણી વ્યક્તિને મળવાથી થાય ઓળખાણ,
ઓળખ એટલે એ મોટામાં મોટી ઓળખાણ.
ધરતીને ખૂણે ખૂણે ફરો તો થાય ઓળખાણ,
ઘેરબેઠાં વાતો કરવાથી ન થાય ઓળખાણ.
સંબંધો જાળવી રાખો એટલે વધે ઓળખાણ,
મીઠો આવકારો આપવાથી વધે ઓળખાણ.
પરિચય વિના સંબંધ ગાઢ બનાવો એ ઓળખાણ,
અળગા રહે એવાને સાથે રાખીએ એ ઓળખાણ.
મીઠી બોલી બોલવાથી બહુ વધે ઓળખાણ,
‘રમા’ કહે કડવાશ રાખવાથી ઘટે ઓળખાણ.

ડૉ રમીલાબેન ડી મકવાણા
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

---------------------------------------------

NOG.SS NO. 0032
સાહિત્ય સરિતા
વિભાગ : પદ્ય
વિષય : પરિચય
શીર્ષકઃ ‘ઓળખાણ’
મારો પરિચય એટલે એક સ્ત્રી,
સમાજ ના પાડેલા ભાગલામાં જીવવું.
પહેલા દીકરી ,પછી પત્ની આખરે ‘મા’
મારો પરિચય એટલે,
લગ્ન પછીની ઓળખાણ,
મીના બાબુલાલ માંગરોલીયા.
સાસરિયામાં પણ વહુને બદલે
દીકરી તરીકે ઓળખાઈ.
પ્રેમ અને લાગણીના બંધનમાં
સાકરની જેમ દૂધમાં ભળી,
મા બાપુની સાથે સાસુ સસરાને પોતિકા કર્યા, ભાઈ બહેનની સાથે નણંદ દિયરને પોતિકા કર્યા.
ઘરગૃહસ્થીમાં પોતાના માટે જીવવાનું જ જાણે ,ગઈ ભૂલી.બધાની સેવામાં પોતાનો પરિચય જ જાણે ભૂલી ગઈ.
મીના માંગરોલીયા. મીનું
અમદાવાદ.

---------------------------------------------

NOG SS NO 128
સાહિત્ય સરિતા
વિભાગ:પધ
વિષયઃ પરિચય
શીર્ષક:નારી
શબ્દ સંખ્યા :૮૪

હું એક નારી
કેટલાય નામથી,
ઓળખાતી.
બાળપણમાં હતી
ચુલબુલી,
મુગ્ધા અવસ્થાએ ,
થોડીક મસ્તીમાં રહેતી.
લગ્ન થતાંજ શરમાળ ,
કામની ચીવટ સમજનાર
હું એક નારી.
માતા બનતા જ સઘળું,
સુખ ખોળામાં ,
બાળક સાથે હું મારું
બાળપણ જીવતી.
ઉંમર ઢળતાં અનુભવો લેતી,
બાળકો માળામાંથી
ઉડવા રસ્તો કરતી
હું એક નારી
કેટલાંય નામ શિરપાવ
ધારણ કરતી
પત્ની,કાકી, મામી,ભાભી
સર્વોચ્ચ સ્થાને ‘મા‘.
આજે ખામોશીમાં રહેતી
પાંપણ વચ્ચે પાળ બાંધતી,
એક મૌન મારી સખી
કવિતાનાં વિરામ ચિહ્નોથી
રહેતી હું એક નારી.
કિર્તી પારેખ.

---------------------------------------------

NOS SS NO : 126
રચના : પદ્ય ( અછાંદસ)
વિષયઃ પરિચય
નામ : મોહનભાઈ ‘આનંદ’
===========================
પરિચિત છે પ્યારો દિલથી ન્યારો પરિચય ,
નામ રૂપથીજોડ્યો છે દેહમાં તારો પરિચય ,
કૂળ ગોત્ર જાતિ ,દેશ કાળમાં બાંધી સર્વદા,
હું અધ્યાયમાં દેહ વ્યાપારે સારો પરિચય.
લોહી મજ્જા નસ નાડીઓમાં બાંધ્યો જેને,
મનના સંકલ્પ વિકલ્પમાં જ જાણો પરિચય.
બાળક યુવાન વૃદ્ધ સહુ અવસ્થા માણતાં
રસ રસીલો ઉત્સવ હ્દયથી ન્યારો પરિચય.
તર્કમાં જોડી પામ્યો ઉપાધી અનેકવિધ એ,
બુધ્ધિશાળી માનસ દર્શન છે પ્યારો પરિચય.
પદ પ્રતિષ્ઠા પામી, બન્યો રાજા સમાન જ્યાં
ખોટો પોષે હું હું કારણે બસ ખોટો પરિચય.
અંતકાળે રાખ થતો મુઠ્ઠીભર એ સ્મશાનમાં,
પંચતત્વો પ્રાકૃતિક માળો છે મારો પરિચય
એક સદાય છે મોજમાં ચૈતન્યમય આનંદ,
ચિન્મય ખરો પ્રેમ સ્વરૂપ છે સાચો પરિચય.
===========================
મોહનભાઈ આનંદ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
# સોના-ચાંદીના વાયદામાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ ભાવમાં તેજી સાથે થયો

ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૩૧૦ની નરમાઈઃ નેચરલ ગેસ, મેન્થા તેલ પણ ઢીલાઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૨૯૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૫૮૭ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૩ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૯૨,૨૬૧ સોદાઓમાં કુલ રૂ.૨૧,૯૧૮.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૨૯૯.૦૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨૫૮૬.૭૭ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૭,૬૭૭ સોદાઓમાં કુલ રૂ.૪,૮૧૭.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૪,૩૪૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૩૪૮ અને નીચામાં રૂ.૫૩,૨૬૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૧૩ વધી રૂ.૫૩,૭૭૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૨૫ વધી રૂ.૪૩,૨૬૯ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૭ વધી રૂ.૫,૩૨૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩,૬૪૬ના ભાવે ખૂલી, રૂ.૨૬૯ વધી રૂ.૫૩,૬૧૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૫,૯૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૬,૦૦૦ અને નીચામાં રૂ.૬૫,૩૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૫૫ વધી રૂ.૬૫,૪૨૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૧૦ વધી રૂ.૬૬,૯૧૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૯૪ વધી રૂ.૬૬,૮૯૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૩૬૬ સોદાઓમાં રૂ.૧,૫૮૩.૮૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૨૧૫.૧૫ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૪ વધી રૂ.૨૭૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૯૫ વધી રૂ.૭૦૧.૪૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ વધી રૂ.૧૮૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૧,૩૨૬ સોદાઓમાં કુલ રૂ.૨,૮૫૦.૬૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૫૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૨૫ અને નીચામાં રૂ.૬,૫૬૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૬૫ વધી રૂ.૬,૭૧૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૪.૨૦ ઘટી રૂ.૪૮૯.૭૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૩૧ સોદાઓમાં રૂ.૪૭.૧૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૯૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૧૦૦ અને નીચામાં રૂ.૩૧,૫૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧૦ ઘટી રૂ.૩૧,૫૯૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૪૦ ઘટી રૂ.૯૪૧.૭૦ થયો હતો. કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૩૮.૩૨ કરોડનાં ૩,૨૧૩.૩૪૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૦૭૯.૦૭ કરોડનાં ૪૫૮.૮૫૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૧૫૨.૬૬ કરોડનાં ૧૭,૩૪,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૬૯૮ કરોડનાં ૩૪૮૯૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૨.૫૯ કરોડનાં ૧૩૪૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૫૩ કરોડનાં ૪૭.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૦૭૩.૮૧૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૨૯.૫૯૧ ટન, ક્રૂડ તેલમાં ૯૬૭૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૮૯૧૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૪૯૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૩૫.૨૪ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૦૪ કરોડનાં ૪૩૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૫,૦૩૬ના સ્તરે ખૂલી, ૯૦ પોઈન્ટ વધી ૧૫,૦૬૭ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨,૫૮૬.૭૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૬૧.૬૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮૭.૮૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮,૯૨૬.૬૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૯૦૯.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૩૮.૪૨ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૬ અને નીચામાં રૂ.૧૦૦ રહી, અંતે રૂ.૨૪.૩૦ વધી રૂ.૧૩૨.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૧ અને નીચામાં રૂ.૩૨.૨૦ રહી, અંતે રૂ.૧૯.૧૫ ઘટી રૂ.૩૭.૩૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪ ખૂલી, ઊપરમાં રૂ.૯૨ અને નીચામાં રૂ.૪૦ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૪૬.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૮૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૫૦ અને નીચામાં રૂ.૧,૪૬૩.૫૦ રહી, અંતે રૂ.૩.૫૦ વધી રૂ.૧,૫૩૧ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૪ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૪.૫૦ અને નીચામાં રૂ.૪૦૪ રહી, અંતે રૂ.૧૦૩ વધી રૂ.૪૮૦.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૮.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૭.૩૦ અને નીચામાં રૂ.૧૯૩ રહી, અંતે રૂ.૭૮ ઘટી રૂ.૧૯૯.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૯ અને નીચામાં રૂ.૧૯.૪૦ રહી, અંતે રૂ.૮.૬૫ વધી રૂ.૨૧.૫૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૦ અને નીચામાં રૂ.૩૫૫.૫૦ રહી, અંતે રૂ.૧૦૦.૫૦ ઘટી રૂ.૩૯૫.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૧૫.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૯૧૫.૫૦ અને નીચામાં રૂ.૧,૬૩૦ રહી, અંતે રૂ.૨૫૭.૫૦ ઘટી રૂ.૧,૮૨૭ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૮ અને નીચામાં રૂ.૨૬૨ રહી, અંતે રૂ.૮૦.૫૦ ઘટી રૂ.૨૯૪ થયો હતો.

# હવે રાહુલ દ્રવિડની છુટ્ટી નક્કી? બીસીસીઆઇ મોટો નિર્ણય લેવા પર વિચાર કરી રહી છે

મુંબઇ,તા.૫

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં ભારતીય ટીમને સેમીફાઇનલમાં મળેલી શરમજનક હાર બાદ ઘણું બધુ બદલાયું છે. T૨૦ ફોર્મેટ રમવાની રીત, મેનેજમેન્ટ અને ખેલાડીઓ-સ્ટાફમાં બદલાવની વાત કરી રહી છે. પહેલા ભારતીય ક્રિકેટ બોર્ડે જૂની સિલેક્શન સમિતિને સસ્પેન્ડ કરીને, નવી સિલેક્શન સમિતિ બનાવવાનો નિર્ણય લીધો અને હવે ટીમ મેનેજમેન્ટના બદલાવની તૈયારી ચાલી રહી છે.માનવામાં આવી રહ્યું છે કે, બોર્ડ હવે ટી ૨૦ ફોર્મેટ માટે અલગ કેપ્ટન સાથે-સાથે અલગ કોચ પણ તૈનાત કરવાની તૈયારીમાં છે. એક સ્પોર્ટ્સ વેબસાઇટના રિપોર્ટ મુજબ, BCCI હવે આ ઓપ્શન પર સક્ષાઇથી વિચાર કરી રહી છે કે T૨૦ ફોર્મેટ માટે અલગ કોચની નિમણૂક કરવામાં આવે, ટીમનું બીઝી શેડ્યૂલ ન માત્ર ખેલાડી, પરંતુ સપોર્ટિંગ સ્ટાફ માટે પણ એક મોટો માથાનો દુઃખાવો છે.

એવામાં હવે રાહુલ દ્રવિડનું ફોકસ માત્ર વન-ડે અને ટેસ્ટ પર શિફ્ટ કરી શકાય છે. મ્ઝ્રઝ્રૈંના એક અધિકારીના જણાવ્યા મુજબ, બોર્ડ આ બાબતે વિચાર કરી રહ્યું છે કે T૨૦ ફોર્મેટ માટે અલગ કોચ લગાવવામાં આવે. તેમાં રાહુલ દ્રવિડને લઇને સવાલ ઊભા થઇ રહ્યા નથી, પરંતુ ટાઇટ શેડ્યૂલ અને ફોર્મેટની સ્પેશિયલાઇઝ ટીમ તૈયાર કરવામાં આવી રહી છે.

# અંજીર : શિયાળામાં એક અંજીર શરીર માટે ખૂબ જ ગુણકારી

ઋતુ બદલાતા, ખરાબ વાતાવરણ અને હવામાં ભેજ હોવાને કારણે ગળું ખરાબ થવું, શરદી-ખાંસીની અંજીર શિયાળામાં ખવાતુ સૌથી મનપસંદ ફળ છે. તાજા અંજીરમાં વિટામીન છ સૌથી વધારે પ્રમાણમાં હોય છે. અંજીર એક સ્વાદિષ્ટ, સ્વાસ્થ્યવર્ધક અને ખૂબ જ ઉપયોગી ફળ છે. વૈજ્ઞાનિકો અનુસાર અંજીરના ડ્રાયફ્રૂટમાં કાર્બોહાઈડ્રેટ ૬૩ ટકા, પ્રોટીન ૫.૫ ટકા, સેલ્યુલોઝ ૭.૩ ટકા, ખનિજ ક્ષાર ૩ ટકા, અમ્લ ૧.૨ ટકા અને પાણી ૨૦.૮ ટકા હોય છે. વિટામીન બી અને વિટામીન સી પણ હોય છે. જાણો, અંજીર ખાવાના



કેટલાય ફાયદાઓ વિશે..

-મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરની બિમારીઓ વધી રહી છે. મહિલાઓમાં થતા બ્રેસ્ટ કેન્સર માટે તે ખૂબ જ લાભકારી છે. દરરોજ અંજીર ખાવાથી તેનું જોખમ ઘટી જાય છે.

-અંજીરમાં ફાઈબર હોય છે જે પાચનક્રિયામાં મદદ કરે છે. કબજિયાતની સમસ્યા દૂર કરવામાં અંજીર લાભદાયી છે. દરરોજ ત્રણ અંજીર ખાવાથી કબજિયાતની સમસ્યાથી છૂટકારો મળી શકે છે.

-ફેફસાંના રોગમાં પાંચ અંજીર એક ગ્લાસ પાણીમાં ઉકાળીને ગાળીને સવાર-સાંજ પીવું જોઈએ.

-અંજીરના સેવનથી સુકી ખાંસીની સમસ્યા પણ દૂર થઈ જાય છે.

# 'વર્લ્ડ સ્પિરિચ્યુઅલ સાયન્સ કોન્ફરન્સ'માં જીતો પ્રમુખ શ્રી શ્રીમાલનું સન્માન કરવામાં આવ્યું

**આધ્યાત્મિકતા અને વિજ્ઞાન એકબીજાના પૂરક છે - આચાર્ય લોકેશજી**
**માનવધર્મ એ સૌથી મોટો ધર્મ છે - સર્વધર્મ સંત**




નવી દિલ્હીમાં એનડીએમસી કન્વેન્શન સેન્ટર ખાતે ડોક્ટર્સ ફોરમ, એનિમલ વેલફેર સોસાયટી અને જ્ઞાન સાગર ફાઉન્ડેશનના સંયુક્ત નેજા હેઠળ આધ્યાત્મિક વિજ્ઞાન પર બે દિવસીય વૈશ્વિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, જયાં વિશ્વભરના વરિષ્ઠ વૈજ્ઞાનિકો, ચિકિત્સકો, શિક્ષણવિદો અને આંતરધર્મ સહિત વિશ્વભરના સામાજિક સંગઠનોનાં પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિવિધ ધર્મના સંતોએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સના આયોજક પ્રો. અધ્યક્ષ ડો.ડી.સી.જૈને , આયોજક સમિતિના અધ્યક્ષએ તમામ મહેમાનોનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. અભયકુમાર શ્રી શ્રીમાલ જૈન, જીતો એપેક્સના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ પ્રથમ વખત દિલ્હી પહોંચ્યા ત્યારે તેમનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક પ્રસિદ્ધ જૈનાચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે આધ્યાત્મિકતા અને વિજ્ઞાન એકબીજાના વિરોધી નથી, પરંતુ પૂરક છે. તેમણે કહ્યું કે, આધ્યાત્મિકતા વિના વિજ્ઞાન અધૂરું છે, વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયથી અનેક વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન શક્ય છે. આચાર્યજીએ કહ્યું કે, અત્યારે ધર્મને અધ્યાત્મ અને વિજ્ઞાન સાથે જોડવાની જરૂર છે, તો જ સમાજમાં ધર્મનું ઝળહળતું સ્વરૂપ પ્રગટ થશે. ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ઈમામ ઉમર અહમદ ઈલ્યાસીએ કહ્યું કે, માણસને દવા અને દુઆ બંનેની જરૂર હોય છે. આધ્યાત્મિકતાની જરૂરિયાત ઔદ્યોગિક ક્ષેત્રો, શૈક્ષણિક સંસ્થાઓ, સરકાર, સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, આપણું કાર્યસ્થળ વગેરે દરેક જગ્યાએ છે. જીતો એપેક્સના રાષ્ટ્રીય અધ્યક્ષ અભયકુમાર શ્રીશ્રીમાલ જૈને જણાવ્યું હતું કે અધ્યાત્મ અને વિજ્ઞાન બંનેનું લક્ષ્ય સત્યની શોધ છે. માત્ર રસ્તા અલગ છે પણ મંઝિલ એક જ છે. બૌદ્ધ ધર્મના ગુરુ આચાર્ય યેશી ફુંત્સોક કે કહ્યું કે આધ્યાત્મિક વ્યક્તિ સમાજ અને વિશ્વમાં શાંતિનો માર્ગ મોકળો કરે છે. મનુષ્યની અંદર અનંત શક્તિ છે, જે આધ્યાત્મિકતા દ્વારા જાગૃત થાય છે. યહૂદી ધાર્મિક નેતા એઝેકીલ મલેકરે કહ્યું કે આધ્યાત્મિકતા કોઈ ચોક્કસ ધર્મ, સંપ્રદાય, જાતિ અથવા વર્ગ સાથે સંબંધિત નથી. આધ્યાત્મિકતા દ્વારા વ્યક્તિ પોતાની આંતરિક ચેતના અને શક્તિને જાગૃત કરી શકે છે અને તેનો ઉપયોગ સમાજ, પર્યાવરણ અને માનવતાના કલ્યાણ માટે કરી શકે છે. શીખ ધર્મગુરુ એચ.એસ. હંસપાલજીએ કહ્યું કે લોકો સ્વાર્થથી સારા અને ખરાબ દરેક કામ કરવા તૈયાર થઈ જાય છે. વિશ્વને આધ્યાત્મિકતાથી વાકેફ કરીને જ સમજદાર વ્યક્તિત્વનું નિર્માણ થઈ શકે છે, જેમાં માનવતાની તમામ સમસ્યાઓનો ઉકેલ છે. આચાર્ય અનિકાંત સાગરજીએ કહ્યું કે આત્મા એ પરમ તત્વ છે, ક્રોધ, આસક્તિ અને લોભથી પીડિત આત્મામાંથી વિકૃતિઓ ઉત્પન્ન થાય છે. જગતનું કલ્યાણ અને સમાજની ઉત્કર્ષ આધ્યાત્મિક સાધના દ્વારા શુદ્ધ અને શુદ્ધ આત્માથી જ શક્ય છે. વરિષ્ઠ બ્રહ્માકુમારીઝ આશા દીદીએ જણાવ્યું હતું કે ધ્યાન એક એવી અવસ્થા છે જેમાં ઈન્દ્રિયોને શ્વાસ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. ઈન્દ્રિયોને કાબૂમાં રાખીને માણસ સમાજ અને જગતના કલ્યાણમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. હિન્દુ ધર્માચાર્ય સ્વામી ચંદ્રદેવજીએ કહ્યું કે આધ્યાત્મિક વ્યક્તિ એક વિવેકી વ્યક્તિત્વ છે જે વાસ્તવિકતાને અવાસ્તવિકતાથી અલગ કરી શકે છે. તેમણે કહ્યું કે, ધર્મને સમાજસેવા સાથે જોડીને તેને સમાજ કલ્યાણ અને માનવતાના કાર્યનો માર્ગ બનાવો.

આ પ્રસંગે આચાર્ય વિદ્યાસાગરજી, આચાર્ય જ્ઞાનસાગરજી મહારાજ, આચાર્ય ધર્મસાગરજીની તસ્વીરો અને આચાર્ય લોકેશજી દ્વારા સ્થાપિત વર્લ્ડ પીસ સેન્ટરના ફોલ્ડરનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે ડો.ડી.સી. જૈનજી , ડો.ક્રિસ્ટોફર મિલરજી , ડો.દીપક શુક્લાજી , પ્રો.વીર સાગરજી , પ્રો.અનેકાંતજી , પ્રો.સુદીપજી , ડો.સંગીતા જૈનજી , ડો.પ્રભા કિરણજી , ડો.સંધ્યા ગુપ્તાજી , ડો.રોમેશ શર્માજી ઉપસ્થિત રહ્યા હતા. ડો.જીવરાજ જૈનજી , પ્રો.રાજમલ જૈનજી , ડો.એન.એલ.કછરાજી , કે.કે. જેસવાલજી , કમલેશ બસંતજી , ડો.એસ.પી. જૈનજી , ડો.અરવિંદજી , ડો.પ્રિયદર્શનાજી , ડો.કલ્પનાજી , પ્રો.રાકા જૈનજી , ડો.નવીન મહેતાજી , પ્રો.ડો.પ્રેમસુમનજી , ડો.શુગન જૈનજી , ડો.ફૂલચંદ જૈન પ્રેમીજી , ઋષિકેશ શરણજી , ડો.અનિલ કુમારજી વગેરેએ પણ વિવિધ સત્રોમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

## ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે વિદ્યાભારતી અધ્યયન અને પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર ૨૨ ખાતે મતદાન કરી વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો



ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે વિદ્યાભારતી અધ્યયન અને પ્રશિક્ષણ કેન્દ્ર, દેના બેન્કની સામે, સેક્ટર ૨૨ ખાતે તેમના પરિવારના સભ્યો તેમજ સ્થાનિક રહીશો સાથે પધારી મતદાન કર્યું હતું. છેલ્લા ૨૭ વર્ષની ગુજરાતની ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયેલી અવિરત વિકાસયાત્રાને આગળ ધપાવવા તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલના નેતૃત્વ પર વિશ્વાસ કરીને ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીના કમળને વિજયી બનાવશે તેવો શ્રીમતી રીટાબેન પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# જિલ્લા ચૂંટણી અધિકારી ડો.ધવલ પટેલ સહિતના અધિકારીશ્રીઓના માર્ગદર્શનમાં વેબકાસ્ટિંગ કંટ્રોલરૂમથી અમદાવાદ જિલ્લામાં મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ

**૫૬૧૦ મતદાન મથકોનું લાઈવ વેબકાસ્ટીંગ, સમસ્યાઓનો તુરત થઈ રહ્યો છે નિકાલ**

**જિલ્લાભરમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત ચાલી રહ્યું છે શાંતિપૂર્ણ મતદાન**

અમદાવાદ,

અમદાવાદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત આજે મતદાનનો શાંતિપૂર્ણ રીતે પ્રારંભ થયો છે. ત્યારે કલેકટર ડો. ધવલ પટેલના માર્ગદર્શનમાં કાર્યરત વેબકાસ્ટિંગ કંટ્રોલ રૂમ ખાતે તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. આજે સવારે મોકપોલ પક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ થયો છે. અહીંના ૫૬૧૦ પોલીગ સ્ટેશનનું અહીંથી લાઈવ વેબકાસ્ટીગ થઈ રહ્યું છે. તેમજ ઈવીએમ વગેરે સમસ્યાઓનો ઝડપી નિકાલ કરાઈ રહ્યો છે. અહીંથી જેવી કોઈ ખામી કે ફરિયાદ ધ્યાને આવે તો તુરંત સેકટર ઓફિસર, આરઓશ્રીને જાણ કરીને તેનો નિકાલ કરાય છે.

આશ્રમ રોડ સ્થિર અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રી, જનરલ ઓબ્ઝવર્સશ્રી સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ વેબકાસ્ટીગ કંટ્રોલ રૂમ ખાતે વહેલી સવારથી જ મોનિટરીગ કરી રહ્યા છે અને જિલ્લામાં ચૂંટણી સંબંધી તમામ બાબતોનું ઝીણવટભર્યું નિરીક્ષણ-કાર્યવાહી કરાઈ રહી છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે સમગ્ર ગુજરાતના મતદારોનો આભાર માન્યો

**ગુજરાતની પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને જીવંત રાખી તે બદલ સર્વેનો આભાર : શ્રી જગદીશ ઠાકોર**

**ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે. રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરાં કરવામાં આવશેઃ શ્રી જગદીશ ઠાકોર**



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે પહેલા અને બીજા ચરણના મતદાન આજે પૂર્ણ થયા છે અને મતદારોએ પોતાનો મિજાજ દર્શાવ્યો અને સમગ્ર ગુજરાતની પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પરિવર્તનના ઉત્સવને સંકલ્પ સ્વરૂપે મનાવ્યો, લોકશાહીમાં મતદારો જ લોકશાહીને વધુ મજબુત કરે છે મતાધિકારનો ઉપયોગ કરેલ દરેક મતદાતાઓનો કોંગ્રેસ પક્ષ વતી હું ખૂબ ખૂબ આભાર માનું છું.

ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે. રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરા કરવામાં આવશે. ગુજરાતમાં કોંગ્રેસે જે વચનો આપ્યા છે તે પુરાં કરશે કારણ કે કોંગ્રેસનો ટ્રેક રેકોર્ડ છે કે કોંગ્રેસે જે કહ્યું છે તે કરી બતાવ્યું છે.

ફરીથી એકવાર ગુજરાતના બન્ને ચરણના મતદારોનો ખૂબ ખૂબ આભાર કે જેમણે કોંગ્રેસની તરફેણમાં મતદાન કરીને લોકશાહીને મજબૂત બળ પુરું પાડ્યું છે.ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના જુદા જુદા રાજયોમાંથી આવેલા સર્વે નેતાગણ, આદરણીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ શ્રી મલ્લિકાર્જુન ખડગેજી, આદરણીય શ્રી સોનિયા ગાંધીજી, શ્રી રાહુલ ગાંધી, આદરણીય શ્રી અશોક ગેહલોતજી, આદરણીય ડો. રઘુ શર્માજી અને એ.આઈ.સી.સી દ્વારા નિયુક્ત સહ પ્રભારીશ્રીઓ તથા ગુજરાત ચૂંટણીમાં જુદા જુદા રાજયોમાંથી નિરીક્ષક તરીકે આવનાર નેતાગણ, આદરણીય મુખ્યમંત્રીશ્રીઓ, આગેવાનશ્રીઓ, સ્ટાર પ્રચારકો, પ્રદેશ કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ, દરેક ફ્રન્ટલ, સેલ, ડિપાર્ટમેન્ટના આગેવાનશ્રીઓ, કાર્યકર્તાઓ, પ્રદેશ કોંગ્રેસની મીડિયા ટીમ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના કર્મઠ કર્મચારીગણ તથા સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર ફરીને ચૂંટણીનું કવરેજ કરતા ચોથી જાગીર સમાન મીડિયા કર્મીઓ તથા આ પરિવર્તનના મહાયજ્ઞમાં આહુતિ આપીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કોંગ્રેસ પક્ષની વિચારધારાને સમર્થન કરનારા નામી-અનામી દરેકનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

# ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ના સૌથી સટિક અને સૌથી ઝડપી એક્ઝિટ પોલ્સ, ગુજરાતમાં ફરી બનશે ભાજપની સરકાર

અમદાવાદ,તા.૫

ગુજરાત વિધાનસભાની ૯૩ બેઠકો માટે આજે મતદાન યોજાયુ હતું આ મતદાન બાદ વિવિધ પ્રકારના ગુજરાત ઈલેક્શન એક્ઝીટ પોલ ૨૦૨૨ સામે આવ્યા હતાં જેમાં એક્ઝીટ પોલમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી શકે છે અને તે ફરી એકવાર સરકાર રચશે એક્ઝીટ પોલમાં ભાજપને ૧૨૫ થી ૧૩૦ બેઠકો જયારે કોંગ્રેસને ૪૦થી ૫૦ બેઠકો અને આમ આદમી પાર્ટીને ૩ થી ૫ બેઠકો મળે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે આ ઉપરાંત અન્યોને ૩થી ૭ બેઠકો મળશે તેવું જણાવાયુ છે. એક્ઝીટ પોલ મુજબ ભાજપને ૪૭ ટકા કોંગ્રેસ ૩૫ ટકા આપ ૧૨ ટકા અધર્સ ૬ ટકા સીટો મળશે. જેમા ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે ફરી એકવાર સરકાર બનાવશે. ગુજરાતમાં ભાજપને ૪૫ વોટ શેર મળશે. ૨૭ વર્ષથી સત્તામાં રહેલી ભાજપ ફરી સત્તાનુ સુકાન સંભાળશે

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણના મતદાન બાદ પણ આ રીતે જ એક્ઝિટ પોલ બહાર પાડવામાં આવ્યો હતો. ત્યારે આ એક્ઝિટ પોલ કેટલા સાચા પડ્યા હતા અને પરિણામમાં તેની અસર જોવા મળી હતી, તેના વિશે જણાવીએ.

જણાવી દઈએ કે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપ દ્વારા ૧૫૦ બેઠકનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું, પરંતુ અનેક પાટીદાર, દલિત, ઠાકોર સમાજના સહિતના આંદોલનની અસરને લઈને આ ભાજપનું અનુમાન રગદોળાયું હતું અને આખરે ભાજપને ૯૯ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે કોંગ્રેસ ૨૨ વર્ષથી (તે સમયે) સત્તાથી દૂર રહીને સત્તા હાસલ કરવાની મનસા સાથે જીતની દાવેદારી નોંધાવી રહી હતી. પરંતુ આખરે તેમને પણ ૭૭ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. આમ, કોંગ્રેસને ૨૨ વર્ષ બાદ પણ ફરીથી સત્તાનું સપનું, સપનું જ રહ્યું. જોકે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભારતીય ટ્રાઈબલ પાર્ટીને ૨ બે બેઠક, જગ્નેશ મેવાણી સહિત ૩ અપક્ષ ઉમેદવારોને જીત મળી હતી. આ સાથે, કુતિયાણાથી લડતા દ્રઝઁના ઉમેદવાર કાંધલ જાડેજાને પણ જીત મળી હતી. આમ, ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૨૦૧૭માં ભાજપ અને કોંગ્રેસને એક્ઝિટ પોલથી ઘણુ વિપરીત પરિણામ મળ્યું હતું.

એક્ઝિટ પોલ શું છે?

તમામ એજન્સીઓ તેમના એક્ઝિટ પોલ જાહેર કરે છે. એક્ઝિટ પોલ ચોક્કસપણે ચૂંટણી પરિણામોની ખાતરી આપતા નથી હોતા. જણાવી દઈએ કે, ચૂંટણી પંચ સત્તાવાર આંકડા જાહેર કરે છે. આવી સ્થિતિમાં કઈ સર્વે એજન્સીનો એક્ઝિટ પોલ સૌથી સચોટ છે તે તો પરિણામની તારીખે જ ખબર પડે છે. એક્ઝિટ પોલ શું હોય અને એક્ઝિટ પોલ કેવી રીતે તૈયાર થાય છે?

સર્વે એજન્સીઓ મતદારને પ્રશ્ન કરે છે, જ્યારે તે મતદાન કર્યા પછી મતદાન મથકની બહાર આવે છે. મતદારને પૂછવામાં આવે છે કે, તેણે કઈ પાર્ટીને મત આપ્યો છે. આને એક્ઝિટ પોલ કહેવામાં આવે છે.

મતદારોના અભિપ્રાયના આધારે એજન્સીઓ તેમનો ડેટા તૈયાર કરે છે. સર્વે એજન્સીઓ મતદારોના જવાબો એકત્રિત કરે છે. ડેટા એકત્રિત કર્યા પછી એક્ઝિટ પોલનું પ્રસારણ કરવામાં આવે છે.

**ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના બીજા તબક્કામાં કુલ ૯૩ બેઠકો પર મતદાન થયું છે જેમાં અનેક મહાનુભાવોએ પણ વિવિધ મતવિસ્તારોમાં આવેલા મતદાન મથક પર પહોંચી મત આપ્યો હતો**



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે આજે સવારે રાણીપ વિસ્તારના નિશાન સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. તેમણે શાળાના બુથ નંબર ૧૧૭ પર મત આપ્યો હતો.**

**કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે પણ સપરિવાર મતદાન કર્યું હતું. તેઓ તેમના ધર્મપત્ની, પુત્ર અને પુત્રવધૂ સાથે નારણપુરા સબ ઝોનલ ઓફીસ પહોંચ્યા હતા. જ્યાં બુથ નં. ૩૯ પર તેમણે વોટિંગ કર્યું હતું.**

**મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે શીલજ ખાતે આવેલી પ્રાથમિક શાળાના બુથ નંબર ૯૪ પર પહોંચીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.**

**ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ પણ લોકશાહીના આ પર્વમાં ભાગ લેવા માટે અમદાવાદના શીલજ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળા ખાતે પહોંચ્યા હતા જ્યાં બુથ નંબર ૯૫ પર તેમણે મતદાન કર્યું હતું.**

**મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે શાહીબાગ સ્થિત કેન્દ્રીય વિદ્યાલય ખાતે તૈયાર કરાયેલા બુથ નંબર ૯૯ પર મતદાન કર્યું હતું.**

# એક્ઝિટ પોલ કેટલા સાચા, કેટલા ખોટા? જાણો ૨૦૧૭ પરિણામ સામે એક્ઝિટ પોલ...

અમદાવાદ,તા.૬

ગુજરાત વિધાનસભા ચૂંટણીના છેલ્લા અને બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. જણાવી દઈએ કે, પ્રથમ તબક્કામાં ૬૩.૧૪ ટકા મતદાન નોંધાયું હતું અને આજે બીજા તબક્કામાં ૬૭ ટકા મતદાન થયું છે. બન્ને તબક્કાનું મતદાન પૂર્ણ થતા જ દેશની અલગ અલગ એજન્સીઓ દ્વારા એક્ઝિટ પોલ પણ બહાર પાડવામાં આવ્યો છે. ત્યારે આ એક્ઝિટ પોલ કેટલો સાચો સાબિત થઈ શકે તેમ છે તેના વિશે આપને જણાવીશું...

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણના મતદાન બાદ પણ આ રીતે જ એક્ઝિટ પોલ બહાર પાડવામાં આવ્યો હતો. ત્યારે આ એક્ઝિટ પોલ કેટલા સાચા પડ્યા હતા અને પરિણામમાં તેની અસર જોવા મળી હતી, તેના વિશે જણાવીએ.

જણાવી દઈએ કે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપ દ્વારા ૧૫૦ બેઠકનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું, પરંતુ અનેક પાટીદાર, દલિત, ઠાકોર સમાજના સહિતના આંદોલનની અસરને લઈને આ ભાજપનું અનુમાન રગદોળાયું હતું અને આખરે ભાજપને ૯૯ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે કોંગ્રેસ ૨૨ વર્ષથી (તે સમયે) સત્તાથી દૂર રહીને સત્તા હાસલ કરવાની મનસા સાથે જીતની દાવેદારી નોંધાવી રહી હતી. પરંતુ આખરે તેમને પણ ૭૭ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. આમ, કોંગ્રેસને ૨૨ વર્ષ બાદ પણ ફરીથી સત્તાનું સપનું, સપનું જ રહ્યું. જોકે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભારતીય ટ્રાઈબલ પાર્ટીને ૨ બે બેઠક, જગ્નેશ મેવાણી સહિત ૩ અપક્ષ ઉમેદવારોને જીત મળી હતી. આ સાથે, કુતિયાણાથી લડતા દ્રઝઁના ઉમેદવાર કાંધલ જાડેજાને પણ જીત મળી હતી. આમ, ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૨૦૧૭માં ભાજપ અને કોંગ્રેસને એક્ઝિટ પોલથી ઘણુ વિપરીત પરિણામ મળ્યું હતું.

એક્ઝિટ પોલ શું છે?

તમામ એજન્સીઓ તેમના એક્ઝિટ પોલ જાહેર કરે છે. એક્ઝિટ પોલ ચોક્કસપણે ચૂંટણી પરિણામોની ખાતરી આપતા નથી હોતા. જણાવી દઈએ કે, ચૂંટણી પંચ સત્તાવાર આંકડા જાહેર કરે છે.

# આપ નેતા ઈસુદાન ગઢવીનો મોટો દાવો, ૧૦૦ બેઠકો સાથે અમે સરકાર બનાવીશું

અમદાવાદ,તા.૫

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણી માટે આજે પ્રથમ તબક્કાનું મતદાન હજી ચાલી રહ્યું છે. પત્રકારમાંથી રાજકારણી બનેલા અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી પદના દાવેદાર ઈસુદાન ગઢવીએ અમદાવાદના બોપલ ઘુમા વિસ્તારમાં આજે મતદાન કર્યુ હતું. જોકે, ઈસુદાન ગઢવી મતદાન બૂથમાંથી વોટ કરીને બહાર આવ્યા ત્યારે 'મોદી મોદી' ના નારા લાગ્યા હતા.

ઈસુદાન ગઢવી આમ આદમી પાર્ટીના ખંભાળિયા બેઠકથી ઉમેદવાર છે. તેઓ અમદાવાદના બોપલ ઘુમા વિસ્તારમાં પત્ની સાથે મતદાન કરવા પહોંચ્યા હતા. તેઓ મતદાન બુથથી બહાર નીકળ્યા ત્યારે બહાર 'મોદી મોદી' અને 'ભારત માતા કી જય' ના નારા લાગ્યા હતા. મતદાન પ્રથમ તબક્કામાં આમ આદમી પાર્ટીને વધુ આશા છે. અમારો આંતરિક સરવે કહે છે કે, પ્રથમ તબક્કાની ૮૯ માંથી ૫૧ સીટ અમે જીતી રહ્યાં છે. પ્રથમ તબક્કામાં લોકોમા ઉત્સાહ ભારે હતો. ભાજપથી નારાજ લોકો કદાચ વોટ કરવા નીકળ્યા ન હતા તેવુ સાંભળવા મળ્યુ હતું. હુ તો કહુ છું કે મતદાન કરો. તમને યોગ્ય લાગે તેને મતદાન કરો. મતદાન તો ગુપ્ત અધિકાર છે. લોકતંત્રની મજા મતદાનમાં છે. મતદાન અવશ્ય કરવુ જોઈએ, નહિ તો ઘરે બેસીને સરકાર, તંત્ર, નતાઓને ગાળો ભાંડવી એનો કોઈ મતલબ નથી. મતદાન કરીને આવો તો હિસાબ લેવાનો તમારો અધિકાર છે. મોટાભાગના લોકો કહે છે કે, ૨૫ તારીખ પછી તેમના ખાતાના રૂપિયો નથી બચતો. ગરીબ, મધ્યમવર્ગ અને મિડલક્લાસ આમ આદમી પાર્ટીથી પ્રભાવિત છે. કરોડપતિને જરૂર ન હોય.

તમે સીએમ પદના ભાજપના દાવેદારના મતવિસ્તારમાં વોટ આપવા આવ્યા છે તે વિશે ઈસુદાન ગઢવીએ કહ્યું કે, ઈસુદાન ગઢવી ખુલ્લી કિતાબ છે, જે મને ઓળખે છે તેને મને ઓળખાણ આપવાની જરૂર નથી. તેથી મેં મારી વિધાનસભામાં ટ્રાન્સફર કરાવ્યુ નથી. મને વિશ્વાસ છે કે હું લીડથી જીતી રહ્યો છું.

પીએમ મોદીના નારા વિશે તેમણે કહ્યું કે, તેમના નારા લગાવવાથી આરોગ્ય અને શિક્ષણની સારી સુવિધા મળતી હોય તો દિવસરાત નારા લગાવતા રહો. પછી બીજુ કોઈ જરૂરી ન હોય. બીજા તબક્કામાં અમારી ગણતરી પર પ્લસની છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.